MANOGAT • Year-39 • Issue-8 • 25 July 2020 • Shravan Sud 5, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 33




# મનોગત



## વિચારધારાને સમર્પિત પક્ષ માટે પરિશ્રમી અને ટેક્નોસેવી કાર્યકર્તા શ્રી સી. આર. પાટીલ પ્રદેશ ભાજપના પ્રમુખપદે

## ત્રણ ટર્મથી સાંસદ તરીકે ચૂંટાતા  શ્રી સી.આર.પાટીલ તેમના પરોપકારી અભિગમ અને પ્રજાજનોની મુશ્કેલીમાં પડખે ઊભા રહેવાના વલણને કારણે અપાર લોકચાહના ધરાવે છે




**પોતાની રાજકીય કારકિર્દી દરમ્યાન શ્રી સી. આર. પાટીલે વિવિધ સંગઠનલક્ષી જવાબદારીઓનું સફળતાપૂર્વક વહન કર્યું છે. તેઓના બહોળા રાજનૈતિક અનુભવનો લાભ ગુજરાત ભાજપા સંગઠનને મળશે અને સંગઠન વધુ મજબૂત બનશે**
**- શ્રી અમિતભાઈ શાહ**

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત ભાજપાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે દિલ્હી ખાતે તેઓની લીધેલી મુલાકાત દરમ્યાન અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

દક્ષિણ ગુજરાતમાં ભાજપા સંગઠનને મજબૂત બનાવવામાં શ્રી પાટીલે પોતાનું અમૂલ્ય યોગદાન આપેલ છે. સાથે-સાથે પોતાના લોકસભા ક્ષેત્ર અને દક્ષિણ ગુજરાતના પ્રત્યેક નાગરિકનાં હિતોની રક્ષા માટે તેઓએ સતત જાગૃત રહીને લોકકલ્યાણકારી અનેક પ્રવૃત્તિઓને વેગ આપ્યો છે. ત્રણ ટર્મથી સાંસદ તરીકે ચૂંટાતા શ્રી સી. આર. પાટીલ તેમના પરોપકારી અભિગમ અને પ્રજાજનોની મુશ્કેલીમાં પડખે ઊભા રહેવાના વલણને કારણે અપાર લોકચાહના ધરાવે છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ ‘સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ’ની મુહીમને શ્રી પાટીલ ગુજરાતમાં રાજ્યની ભાજપા સરકાર સાથે રહીને સફળતાપૂર્વક આગળ ધપાવશે તેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે.

શ્રી પાટીલે વિવિધ સંગઠનલક્ષી જવાબદારીઓનું સફળતાપૂર્વક વહન કર્યું છે. તેઓના બહોળા રાજનૈતિક અનુભવનો લાભ ગુજરાત ભાજપા સંગઠનને મળશે અને સંગઠન વધુ મજબૂત બનશે. સાથે - સાથે કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકાર દ્વારા કાર્યરત જન કલ્યાણકારી યોજનાઓના લાભ પ્રત્યેક છેવાડાના માનવી સુધી સંગઠનના માધ્યમથી પહોંચશે અને પં. દીનદયાલ ઉપાધ્યાયજીના ‘અંત્યોદય’નો સિદ્ધાંત ચરિતાર્થ કરવામાં વધુ વેગ મળશે તેવો આશાવાદ શ્રી અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો.



Year 39 • Issue 8 • Pages 33


- નવનિયુક્ત ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ ૪
- સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનાની ૭૫મી વર્ષગાંઠ ૬
- વિશ્વ યુવા કૌશલ્ય દિન ૯
- વિશ્વ યુવા કૌશલ્ય દિવસે ગુજરાતમાં યોજાયો નેશનલ સ્કિલ સમિટ વેબિનાર ૧૨
- સાંસદ આદર્શ ગ્રામ યોજનાની શરૂઆત ૧૩
- નિર્ણાયક સરકાર - હારશે કોરોના, જીતશે ગુજરાત ૧૫
- કોરોના-કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલનું ગાંધીનગરથી ઈ લોકાર્પણ ૨૦
- કાકરાપારમાં સંપૂર્ણ સ્વદેશી બનાવટનો પરમાણુ ઊર્જા પ્લાન્ટ કાર્યરત ૨૧
- આપણી કેન્દ્ર સરકારના આગવા સમાચાર ૨૨
- 'આત્મનિર્ભર ભારત પેકેજ' અંતર્ગત વિડિયો કોન્ફરન્સ ૨૫
- જી.એસ.ટી. એક દેશ - એક કર - એક બજાર ૨૭
- વિકાસકામોનાં ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત ૩૧




પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

**તંત્રીસ્થાનેથી**

## સરકારની પ્રજાકલ્યાણની યોજનાઓમાં સેતુરૂપ ભૂમિકા

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

સૌ પ્રથમ તો નવનિયુક્ત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલને અભિનંદન સહ શુભેચ્છાઓ.

આપણે સૌ એ બાબતથી સુપરિચિત છીએ કે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે. એક કાર્યકર્તા તરીકે આપણું કામ પક્ષના વિચારના પ્રસાર સાથે-સાથે સરકારના લાભોને યોગ્ય વ્યક્તિ સુધી પહોંચાડવાનું પણ છે. નવા પ્રદેશ પ્રમુખના નેતૃત્વમાં આપણી બંને સરકારોની પ્રજાકલ્યાણની યોજનાઓના લાભાર્થી સુધી પહોંચવામાં આપણે સૌ સેતુરૂપ ભૂમિકા ભજવીએ - એ આપણું કર્તૃત્વ છે.

મારી દૃષ્ટિએ, (૧) આ કાર્યથી વંચિતોને સાચા લાભો મળશે (૨) સરકારની યોજનાઓનો યોગ્ય વ્યક્તિ સુધી લાભ પહોંચશે (૩) આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી લાભાર્થીની માહિતી - સંપર્ક અને વ્યવસ્થા વધુ મક્કમ અને પ્રભાવક બનશે (૪) આપણને સૌને 'સતકાર્ય' કરવાનો સંતોષ થશે (૫) પં. દીનદયાળજીનો 'અંત્યોદય'નો વિચાર ખરા અર્થમાં ફળીભૂત થવામાં 'માધ્યમ' બનીને પક્ષ પ્રત્યેની આપણી અને લાભાર્થીની સંવેદના વધુ પ્રબળ અને પરિણામસ્પર્શી બનશે.

કોઈએ બહુ સાચું કહ્યું છે કે - સરકારની વ્યક્તિ કે સમાજલક્ષી સીધી યોજનાઓનો સાચો સેતુ બનનાર કાર્યકર્તા પોતે તો પુણ્યકર્મનો પથિક છે જ, સાથે-સાથે એ એક વિચારધારા અને સંગઠનનો સાચો રાહબર પણ છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



**નવનિયુક્ત ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્, ગાંધીનગર ખાતે વિધિવત્ રીતે ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી**

# હું તમામ કાર્યકર્તાઓને સાથે રાખીને ભાજપા સંગઠનને વધુ મજબૂત બનાવવાના તમામ પ્રયાસો કરીશ - પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ




આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સામાન્ય કાર્યકર્તા તરીકે પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર, વિવિધ સંગઠનલક્ષી કામગીરી સફળતાપૂર્વક નિભાવી ચૂકેલા, દક્ષિણ ગુજરાતમાં ભાજપના સંગઠનને મજબૂત બનાવનાર અને ત્રણ ટર્મથી સાંસદ તરીકેની સફળ કામગીરી બજાવનાર શ્રી સી.આર. પાટીલને ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ બનવા બદલ હૃદયપૂર્વકની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવું છું. ગુજરાતે હંમેશા દેશને દિશા આપી છે. નવનિર્માણ આંદોલન, જે.પી. આંદોલનનું ગુજરાત સાક્ષી રહ્યું છે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે તમામ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી અને હવે પ્રધાનમંત્રીના રૂપમાં મોદી ‘સબ કા સાથ’ સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ’ના મંત્ર સાથે ભારતવર્ષને તમામ મોરચે અગ્રેસર બનાવી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સતત કાર્યશીલ છે. ગુજરાત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનું ગૃહરાજ્ય છે ત્યારે પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી વધુ મહત્ત્વની બની જાય છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે શ્રી સી. આર. પાટીલના બહોળા રાજનૈતિક અનુભવથી ગુજરાત

**એક સામાન્ય કાર્યકર્તા તરીકે પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર, વિવિધ સંગઠનલક્ષી કામગીરી સફળતાપૂર્વક નિભાવી ચૂકેલા, દક્ષિણ ગુજરાતમાં ભાજપના સંગઠનને મજબૂત બનાવનાર અને ત્રણ ટર્મથી સાંસદ તરીકેની સફળ કામગીરી બજાવનાર શ્રી સી. આર. પાટીલજીને ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ બનવા બદલ હૃદયપૂર્વકની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવું છું.**
**- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

ભાજપનું સંગઠન વધુ મજબૂત થશે, ભાજપનો પ્રત્યેક કાર્યકર્તા ‘સબ સમાજ કો લિયે સાથમેં આગે હી બઢતે જાના’ મંત્ર સાથે રાષ્ટ્ર પ્રથમના ભાવથી સેવાના ભાવ સાથે શ્રી સી. આર. પાટિલના નેતૃત્વમાં કાર્ય કરશે.

તેમણે જણાવ્યું હતું કે, ભાજપાના લાખો કાર્યકર્તાઓના પરિશ્રમ, ત્યાગ અને સમર્પણથી ગુજરાતમાં છેવાડાના માનવી સુધી ભારતીય જનતા પાર્ટી પહોંચી છે. શ્રી સી. આર પાટીલના નેતૃત્વમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની તેમજ વિધાનસભાની પેટાચૂંટણીઓમાં ભાજપાને ભવ્ય સફળતા પ્રાપ્ત થશે. આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકાર જનતાની આશા-આકાંક્ષાઓ સાકાર કરવામાં રાતદિવસ કાર્યશીલ છે અને તેનાં સારાં પરિણામ પણ મળી રહ્યાં છે, ત્યારે વિરોધીઓ બેબાકળા બન્યા છે. ભાજપમાં નિષ્ઠાથી કામ કરતા કાર્યકર્તાને મોટી જવાબદારી મળે છે, ચા વેચનાર વ્યક્તિ પણ દેશનો વડાપ્રધાન બની શકે છે, આ વાત ફક્ત અને ફક્ત ભાજપામાં જ શક્ય છે.

નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે ગુજરાત



ભાજપાના પ્રદેશ અધ્યક્ષ તરીકે તેમને મહત્ત્વની જવાબદારી સોંપવા બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી નડ્ડાજી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સહિત સમગ્ર કેન્દ્રીય નેતૃત્વ તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા સહિત પ્રદેશના નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે ભાજપા જ એક એવી રાજનૈતિક પાર્ટી છે કે જેમાં સામાન્ય કાર્યકર્તાને પણ પોતાની ક્ષમતા અનુસારની જવાબદારી મળે છે. મારા જેવા સામાન્ય કાર્યકર્તા કે જેણે એક નાના કાર્યકર તરીકે રાજનીતિમાં પ્રવેશ કર્યો તેને ત્રણ વખત સાંસદ અને આજે પ્રદેશ અધ્યક્ષની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાતના ભાજપા સંગઠનની કાર્યપ્રણાલીથી અન્ય રાજયના સંગઠનો પણ પ્રભાવિત છે અને તેને અનુસરી રહ્યા છે. હું સંપૂર્ણ સમર્પણ અને પ્રમાણિકતાથી ગુજરાતના ભાજપના સંગઠનને દેશનું સર્વશ્રેષ્ઠ સંગઠન બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહીશ.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આજે ગામડામાં રહેતો છેવાડાનો યુવાન પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યો છે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારમાં ૪૦૦ જેટલી જનકલ્યાણની યોજનાઓ ચાલી રહી છે આ તમામ યોજનાઓનો વધુમાં વધુ લાભ લાભાર્થીઓને અપાવવા માટે ટેક્નોલોજીના ઉપયોગ થકી ગુજરાત ભાજપાનો પ્રત્યેક કાર્ય કરતા જન જન સુધી આ યોજનાઓ પહોંચાડવામાં કડીરૂપ ભૂમિકા ભજવશે. ગુજરાત ભાજપના કાર્યકર્તાઓનું મોટું સંખ્યાબળ જાગૃત અવસ્થામાં છે, હું તમામ કાર્યકર્તાઓને સાથે રાખીને ભાજપા સંગઠનને વધુ મજબૂત બનાવવાના તમામ પ્રયાસો કરીશ.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ મહામારીએ હાહાકાર મચાવ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમયસર લોકડાઉનનો નિર્ણય લીધો તેનાથી આપણે કોરોનાની અસરને ઓછી કરવામાં મહદ્અંશે સફળ રહ્યા છીએ. ગુજરાતમાં પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં કોરોનાની રોકથામ માટે નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. સુરતમાં

> **શ્રી સી. આર. પાટીલ સાંસદ તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય નેતૃત્વએ તેમને પ્રદેશ અધ્યક્ષની મહત્ત્વની જવાબદારી સોંપી છે.**
> **તેમના નેતૃત્વમાં ગુજરાત ભાજપનું સંગઠન વધુ મજબૂત થશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે**
> **- શ્રી નીતિનભાઈ પટેલ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તત્કાળ મુલાકાત લઈને અધિકારીઓ અને તબીબો સાથે બેઠક કરી તેની સકારાત્મક અસર આજે દેખાઈ રહી છે. લોકડાઉન દરમિયાન ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાએ કોરોનારૂપી આફતને સેવાના અવસરમાં પરિવર્તિત કરીને ખડે પગે રહી, લાખો નાગરિકોને ફૂડપેકેટ, રાશન કીટ, સેનિટાઈઝરનું વિતરણ કર્યું છે, સોશિયલ મીડિયાના માધ્યમથી જનજાગૃતિનું મહત્ત્વનું કાર્ય પણ કર્યું છે. આ માટે ભાજપાનો પ્રત્યેક કાર્ય કરતા પ્રશંસાને પાત્ર છે.

પૂર્વ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યાં હતાં. શ્રી વાઘાણીએ તેમના પ્રદેશ અધ્યક્ષકાળ દરમિયાન સંપૂર્ણ સાથ-સહકાર અને માર્ગદર્શન આપવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સહિત સમગ્ર કેન્દ્રીય નેતૃત્વ તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા સહિત તમામ પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, ભાજપા અગ્રણીશ્રીઓ તેમજ ગુજરાત ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાનો આભાર વ્યક્ત કર્યો હતો

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટિલને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, શ્રી સી. આર. પાટીલ સાંસદ તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય નેતૃત્વએ તેમને પ્રદેશ અધ્યક્ષની મહત્ત્વની જવાબદારી સોંપી છે.તેમના નેતૃત્વમાં ગુજરાત ભાજપનું સંગઠન વધુ મજબૂત થશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટિલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પૂર્વ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીને તેમનો ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

આ પ્રસંગે ભાજપ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ તથા ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.







# ખૂબ જ મહત્ત્વપૂર્ણ સમયે સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં ભારતને ચૂંટવામાં આવ્યું

સન્નારીઓ અને સજ્જનો,


આ વર્ષે આપણે સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનાની ૭૫મી વર્ષગાંઠ ઊજવી રહ્યા છીએ. માનવજાતની પ્રગતિમાં UNના સંખ્યાબંધ યોગદાનને ધ્યાનમાં લેવાનો આ પ્રસંગ છે. આજની દુનિયામાં UNની ભૂમિકા અને સંદર્ભનું આકલન કરવાની અને તેના માટે બહેતર ભાવિનું ઘડતર કરવાની પણ આ તક છે.

મહાનુભાવો, બીજા વિશ્વયુદ્ધ પછી તુરંત જ સંયુક્ત રાષ્ટ્રસંઘના ૫૦ સ્થાપક સભ્ય દેશોમાં ભારતનો પણ સમાવેશ થતો હતો. ત્યારથી આજ દિન સુધીમાં ઘણું બધું બદલાઈ ગયું છે. આજે, સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ૧૯૩ સભ્ય દેશો જોડાયેલા છે. તેના સભ્યોની સંખ્યા વધવાની સાથે-સાથે, આ સંગઠન પાસેથી અપેક્ષાઓ પણ વધતી ગઈ છે. આ સાથે આજે, બહુપક્ષવાદ સંખ્યાબંધ પડકારોનો સામનો કરી રહ્યો છે.

**ભારત પોતાના વિકાસના હેતુઓ સિદ્ધ કરવામાં સફળ થશે તો, વૈશ્વિક લક્ષ્યો પ્રાપ્ત કરવામાં તે ઘણે દૂર સુધી જઈ શકશે**

મહાનુભાવો, એકદમ શરૂઆતના તબક્કેથી જ, ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘના વિકાસનાં કાર્યો અને ECOSOCને સક્રિયપણે સમર્થન આપ્યું છે. ECOSOCના પ્રથમ અધ્યક્ષ એક ભારતીય હતા. ભારતે ટકાઉક્ષમ વિકાસના લક્ષ્ય સહિત ECOSOCનો એજન્ડા ઘડવામાં પણ યોગદાન આપ્યું છે. આજે, અમારા ઘરેલું પ્રયાસો દ્વારા અમે ફરી એકવાર, એજન્ડા - ૨૦૩૦ પ્રાપ્ત કરવામાં અને ટકાઉક્ષમ વિકાસના લક્ષ્ય સુધી પહોંચવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યા છીએ. અમે અન્ય દેશોને તેમના ટકાઉક્ષમ વિકાસનાં લક્ષ્યો પ્રાપ્ત કરવામાં સહકાર આપી રહ્યા છીએ.

મહાનુભાવો, ભારત વિશ્વના છઠ્ઠા ભાગના જનસમુદાયનું ઘર છે. અમારી મહત્તા અને જવાબદારી પ્રત્યે અમે સભાન છીએ. અમે જાણીએ



છીએ કે, ભારત પોતાના વિકાસના હેતુઓ સિદ્ધ કરવામાં સફળ થશે તો, વૈશ્વિક લક્ષ્યો પ્રાપ્ત કરવામાં તે ઘણે દૂર સુધી જઈ શકશે. અને આથી જ, અમે અમારાં રાજ્યો, અમારા સ્થાનિક સ્વરાજ, અમારા નાગરિક સમાજો, સમુદાયો અને અમારા લોકોને સાથે જોડીને ''સંપૂર્ણ સમાજ''નો અભિગમ અપનાવ્યો છે.

'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ' એ અમારો મંત્ર છે - અર્થાત્ 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ'. આમાં કોઈને પણ વંચિત ના રહેવા દેવાના મૂળ SDG સિદ્ધાંતનો પડઘો પડે છે. વાત પોષણની હોય, આરોગ્ય, શિક્ષણની હોય, વીજળીની હોય કે પછી આવાસની હોય - અમારા સહિયારા કાર્યક્રમોના કારણે અમે ઘણી મોટી પ્રગતિ કરી રહ્યા છીએ.

મહાનુભાવો, ગત વર્ષે, અમે અમારાં છ હજાર ગામડાંઓમાં સંપૂર્ણ સફાઈ કવરેજનું લક્ષ્ય પ્રાપ્ત કરીને અમારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મતિથિની ઉજવણી કરી.

**પાંચ વર્ષમાં, અમે ૧૧૦ મિલિયનથી વધુ આવાસોનું નિર્માણ કર્યું, જેનાથી અમારું ગ્રામીણ સફાઈ કવરેજ ૩૮%થી વધીને ૧૦૦% થયું**

પાંચ વર્ષમાં, અમે ૧૧૦ મિલિયનથી વધુ આવાસોનું નિર્માણ કર્યું, જેનાથી અમારું ગ્રામીણ સફાઈ કવરેજ ૩૮%થી વધીને ૧૦૦% થઈ ગયું. અમારા વ્યાપક લોકજાગૃતિ કાર્યક્રમો અમારા દેશની મહિલાઓને સશક્ત બનાવી રહ્યા છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં અમે લૈંગિક સમાનતા પ્રાપ્ત કરી શક્યા છીએ. ગ્રામીણ ભારતમાં અંદાજે ૭૦ મિલિયન મહિલાઓ અમારા આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય સમૂહોનો હિસ્સો છે. તેઓ ખૂબ જ મોટાપાયે જીવન અને આજીવિકાઓમાં પરિવર્તન લાવી રહી છે. એક મિલિયનથી વધુ મહિલાઓ અમારા સ્થાનિક સ્વરાજોમાં ચૂંટાયેલી પ્રતિનિધિઓ છે, સહભાગી વિકાસની પ્રગતિમાં નેતૃત્વ સંભાળી રહી છે. છેલ્લાં છ વર્ષમાં, અમે જેમની પાસે બેંક ખાતાં નહોતાં તેવા લોકો માટે ૪૦૦ મિલિયન બેંક ખાતાં ખોલાવ્યાં છે જેમાંથી ૨૨૦ મિલિયન ખાતાં મહિલાઓના નામે છે. આર્થિક સમાવેશિતા માટે અમે ટેકનોલોજીની તાકાતનો ઉપયોગ કર્યો છે. આ અનન્ય ઓળખ નંબર, બેંક ખાતું અને દરેક માટે એક મોબાઈલ કનેક્શનની ત્રિપુટી પર આધારિત છે. તેના કારણે અમે ૧૫૦ મિલિયન ડૉલરની રકમનો લાભ ૭૦૦ મિલિયનથી વધુ લોકોના બેંક ખાતાંમાં સીધો ટ્રાન્સફર કરી શક્યા છીએ. અમારો ખાદ્ય સુરક્ષા કાર્યક્રમ ૮૧૩ મિલિયન લોકો સુધી પહોંચ્યો છે.

**'આયુષ્યમાન ભારત' યોજના દુનિયાનો સૌથી મોટો આરોગ્ય સુરક્ષા કાર્યક્રમ છે અને આ યોજનામાં ૫૦૦ મિલિયન લોકોને આવરી લેવામાં આવ્યા છે**

૨૦૨૨ સુધીમાં જ્યારે દેશ ૭૫મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરતો હશે ત્યારે, અમારો 'સૌના માટે આવાસ' કાર્યક્રમ દરેક ભારતીયને રહેવા માટે તેમના માથે સલામત અને સુરક્ષિત છત મળી રહે તે સુનિશ્ચિત કરશે. ત્યાં સુધીમાં, આ કાર્યક્રમ અંતર્ગત ૪૦ મિલિયન નવાં મકાનોનું નિર્માણ કરવામાં આવશે - જે ઘણા દેશોમાં કુલ મકાનોની સંખ્યા કરતાં વધારે છે. આજે, અમારી 'આયુષ્યમાન ભારત' યોજના દુનિયાનો સૌથી મોટો આરોગ્ય સુરક્ષા કાર્યક્રમ છે અને આ યોજનામાં ૫૦૦ મિલિયન લોકોને આવરી લેવામાં આવ્યા છે. કોવિડ સામેની લડાઈમાં, અમારા પાયાના સ્તરના આરોગ્યતંત્રએ ભારતને દુનિયામાં સૌથી શ્રેષ્ઠ સાજા થવાનો દર ધરાવતાં રાષ્ટ્રોમાં સામેલ થવામાં મદદ કરી છે. અમે ૨૦૨૫ સુધીમાં દેશમાંથી TB નાબૂદ કરવાના માર્ગે પણ આગળ વધી રહ્યા છીએ. ભારતના વિકાસ કાર્યક્રમની ઊંચાઈ અને સફળતા પરથી અન્ય વિકાસશીલ દેશો પણ બોધપાઠ લઈ શકે છે. અને, અમે તૈનાત કરેલી ટેકનોલોજી તેમજ ઈનોવેશનમાંથી પણ તેઓ શીખી શકે છે. આ હકીકતની અનુભૂતિ છે જે વૈશ્વિક દક્ષિણ રાષ્ટ્રો સાથે ભારતની પોતાની વિકાસ સહભાગિતાને મજબૂત આધાર આપે છે.

**અમે વાર્ષિક ૩૮ મિલિયન ટન કાર્બન ઉત્સર્જન ઘટાડી શક્યા છીએ**

મહાનુભાવો, વિકાસના માર્ગ પર આગેકૂચ કરતી વખતે, અમે આપણા ગ્રહ પ્રત્યેની અમારી જવાબદારીને ભૂલ્યા નથી. છેલ્લાં કેટલાંક વર્ષમાં, અમે વાર્ષિક ૩૮ મિલિયન ટન કાર્બન ઉત્સર્જન ઘટાડી શક્યા છીએ. અમારા ગામડાંઓમાં વિદ્યુતીકરણ કરીને, ૮૦ મિલિયન ગરીબ પરિવારોને રસોઈ માટે સ્વચ્છ ઈંધણ પૂરું પાડીને તેમજ ઊર્જા



માટે કાર્યદક્ષ પગલાં ભરીને અમે આ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છીએ. અમે ૨૦૩૦ સુધીમાં ૪૫૦ ગીગા વૉટ અક્ષય ઊર્જા સ્રોતો સ્થાપિત કરવાનું, ૨૬ મિલિયન હેક્ટર વેરાન જમીનને ફરી ઉપજાઉ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. પ્રકૃતિ સાથે તાલમેલ બેસાડીને જીવવાની અમે પ્રાચીન પરંપરા ધરાવીએ છીએ. સ્વચ્છતા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા માટે અમે સૌથી મોટા પૈકી એક અભિયાનનો પ્રારંભ કર્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનની રચના કરવાની અમારી પહેલ ક્લાઈમેટ એક્શન માટે અમારી વ્યવહારુ અભિવ્યક્તિ હતી. તેવી જ રીતે, આપત્તિ સામે ટકાઉક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધનની રચના વ્યાપક અભિગમ માટે તમામ સંબંધિત હિતધારકોને ભેગા કરે છે. અમારા પ્રદેશમાં સૌથી પ્રથમ પ્રતિભાવક તરીકેનું અમે હંમેશા ગૌરવ અનુભવ્યું છે - જરૂરિયાતના સમયે મૈત્રી નિભાવી છે. ભૂકંપ, ચક્રવાત કે પછી અન્ય કોઈપણ કુદરતી અથવા માનવસર્જિત કટોકટીના સમયમાં, ભારતે ઝડપથી અને એકતાની ભાવના સાથે પ્રતિભાવ આપ્યો છે. કોવિડ સામેની આપણી સંયુક્ત લડાઈમાં, અમે ૧૫૦થી વધુ દેશોને દવાઓ અને અન્ય સહાય પહોંચાડી છે. અમે અમારા પડોશી રાષ્ટ્રોમાં SAARC કોવિડ ઈમરજન્સી ભંડોળની રચના કરવામાં પણ મદદ કરી છે.

**આર્થિક સમાવેશિતા માટે અમે ટેકનોલોજીની તાકાતનો ઉપયોગ કર્યો છે. આ અનન્ય ઓળખ નંબર, બૅંક ખાતું અને દરેક માટે એક મોબાઈલ કનેક્શનની ત્રિપુટી પર આધારિત છે. તેના કારણે અમે ૧૫૦ મિલિયન ડોલરની રકમનો લાભ ૭૦૦ મિલિયનથી વધુ લોકોના બૅંક ખાતાંમાં સીધો ટ્રાન્સફર કરી શક્યા છીએ.**


**અમે ૩૦૦ બિલિયન ડોલરથી વધુ મોટા પેકેજની જાહેરાત કરી છે**

મહાનુભાવો, કોવિડ-૧૯ મહામારીએ તમામ રાષ્ટ્રોની અનુકૂલનશીલતાની આકરી કસોટી કરી છે. ભારતમાં, અમે સરકાર અને સમાજના પ્રયાસોને એકબીજા સાથે જોડીને આ મહામારી સામેની લડાઈને લોક-ચળવળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. અમે ગરીબ પરિવારો સુધી લાભ પહોંચાડવાની બાબતને સૌથી વધુ પ્રાથમિકતા આપી છે. અમે ૩૦૦ બિલિયન ડૉલરથી વધુ મોટા પેકેજની જાહેરાત કરી છે. આનાથી અર્થતંત્ર ફરી પાટે ચડશે, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થશે અને ટેકનોલોજી ચાલિત વ્યવસ્થાતંત્ર અમલમાં આવશે. અમે વૈશ્વિક અર્થતંત્ર સાથે એકીકૃત 'આત્મનિર્ભર ભારત' એટલે કે પોતાના પર નિર્ભર ભારતની દૂરંદેશી આગળ ધપાવી છે.

**સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મ મૂળ તો બીજા વિશ્વયુદ્ધના આવેશમાંથી થયો છે. આજે, પ્રવર્તમાન મહામારીનો આવેશ તેના પુનર્જન્મ અને સુધારણાનો સંદર્ભ પૂરો પાડે છે**

મહાનુભાવો, ભારત દૃઢપણે માને છે કે, ટકાઉક્ષમ શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ બહુપક્ષવાદમાંથી નીકળે છે. આ પૃથ્વીના સંતાનો તરીકે, આપણા સહિયારા પડકારોનો સામનો કરવા માટે અને આપણાં સમાન લક્ષ્યો સિદ્ધ કરવા માટે અવશ્યપણે આપણે હાથમાં હાથ મિલાવીને આગળ વધુ જોઈએ. જોકે, બહુપક્ષવાદ સમકાલીન વિશ્વની વાસ્તવિકતા રજૂ કે તે આવશ્યક છે. માત્ર સુધારેલા સંયુક્ત રાષ્ટ્રસંઘને કેન્દ્ર સ્થાને રાખીને સુધારેલા બહુપક્ષવાદથી જ માનવજાતની આકાંક્ષાઓ સંતોષી શકાશે. આજે, આપણે જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે, ચાલો, વૈશ્વિક બહુપક્ષીય તંત્રમાં સુધારાનું પ્રણ લઈએ, તેની સાંદર્ભિકતા વધારવા માટે, તેની અસરકારકતા વધારવા માટે અને તેને નવા પ્રકારના માનવ કેન્દ્રિત વૈશ્વીકરણનો આધાર બનાવવા માટે. સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મ મૂળ તો બીજા વિશ્વયુદ્ધના આવેશમાંથી થયો છે. આજે, પ્રવર્તમાન મહામારીનો આવેશ તેના પુનર્જન્મ અને સુધારણાનો સંદર્ભ પૂરો પાડે છે. ચાલો, આ તકને હાથમાંથી સરકવા ના દઈએ.

મહાનુભાવો, આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સમયે સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં ભારતને ચૂંટવામાં આવ્યું છે. સામાજિક- આર્થિક સમાનતા જાળવવા માટે અને પ્રકૃતિનું સંતુલન ટકાવી રાખવા માટે, વૈશ્વિક સૌહાર્દ જાળવવાની અમારી ઊંડી પ્રતિબદ્ધતા સાથે, ભારત સંયુક્ત રાષ્ટ્રસંઘના એજન્ડામાં સંપૂર્ણ સહકાર આપીને પોતાની ભૂમિકા નિભાવશે. નમસ્કાર, આભાર.



**વિશ્વ યુવા કૌશલ્ય દિન પ્રસંગે**
**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન**

# ગમે તેટલું ભણીએ-ગણીએ, ગમે તેટલી મોટી પદવીઓ કેમ ના હોય, પરંતુ તમારું કૌશલ્ય સતત વધારતા રહો



નમસ્કાર.

મારા યુવા સાથીઓને નમસ્કાર.

વિશ્વ યુવા કૌશલ્ય દિન પ્રસંગે આપ સૌ નવયુવાનોને મારી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

આજનો આ દિવસ તમારી સ્કીલને, તમારા કૌશલ્યને સમર્પિત છે. ૨૧મી સદી એ યુવાનોની સદી છે. આજના મિલેનિયમ્સની જો કોઈ સૌથી મોટી તાકાત હોય, તો તે તેમનું કૌશલ્ય છે, કૌશલ્ય હાંસલ કરવાની તેમની ક્ષમતા છે.

> **નવા વર્ક કલ્ચર અને નવા કામ કરવાના પ્રકારને જોતાં આપણા યુવાનો નવાં-નવાં કૌશલ્યોને ઝડપભેર અપનાવી રહ્યા છે**

સાથીઓ, કોરોનાના હાલના સંકટે વિશ્વની સંસ્કૃતિની સાથે કામ કરવાની પદ્ધતિને પણ બદલી નાંખી છે. રોજેરોજ બદલાતી જતી નવી ટેક્નોલોજીનો પણ તેની ઉપર પ્રભાવ વર્તાય છે. નવા વર્ક કલ્ચર અને નવા કામ કરવાના પ્રકારને જોતાં આપણા યુવાનો નવાં-નવાં કૌશલ્યોને ઝડપભેર અપનાવી રહ્યા છે. સાથીઓ, એક રીતે વાત કરું તો ઘણા લોકો મને પૂછતા હોય છે કે, આજની સ્થિતિમાં વ્યવસાય અને બજાર એટલાં ઝડપથી બદલાઈ રહ્યાં છે કે સમજમાં જ નથી આવતું કે કઈ બાબત સાથે સુસંગત થઈને રહ્વું. કોરોનાના આ સમયમાં, આ પ્રશ્ન હજી વધુ મહત્ત્વપૂર્ણ બની ગયો છે.

> **રિ-સ્કીલ અને અપ-સ્કીલનો અર્થ થાય છે તેનો વિસ્તાર કરતા રહેવું, તેને જાણવું અને સમજવું**

સાથીઓ, હું આનો એક જ જવાબ આપું છું કે સુસંગત રહેવાનો મંત્ર છે - કૌશલ્ય, પુનઃ કૌશલ્ય અને કૌશલ્યમાં વૃદ્ધિ, કૌશલ્યનો અર્થ એવો થાય છે કે, તમે કોઈ નવો હુન્નર શીખો. જે રીતે તમે લાકડાના કોઈ એક ટુકડામાંથી ખુરશી બનાવવાનું શીખો, તો તે તમારું કૌશલ્ય થયું તેમ કહી શકાય. તમે લાકડાના એ ટુકડાની કિંમતમાં પણ વધારો કરી દીધો અને મૂલ્યમાં પણ વૃદ્ધિ કરી, પરંતુ એની કિંમત જળવાઈ રહે તે માટે એક નવી ડિઝાઇન, નવી સ્ટાઇલ એટલે કે રોજેરોજ તમારે એમાં ઉમેરો કરતા રહેવું પડે છે, એના માટે કશુંક ને કશુંક નવું શીખતાં રહેવું પડે છે. નવું શીખતાં રહેવાનો અર્થ થાય છે રિ-સ્કીલ અને અપ-સ્કીલનો અર્થ થાય છે તેનો વિસ્તાર કરતા રહેવું, તેને જાણવું અને સમજવું. સ્કીલ, રિ-સ્કીલ અને અપ-સ્કીલના આ મંત્રને જાણતા રહેવું, સમજતા રહેવું તે આપણા જીવન માટે ખૂબ જ મહત્ત્વનું બની રહે છે.

હું જ્યારે કૌશલ્યની વાત કરતો હોઉં છું ત્યારે હવે એક જૂના કૌશલ્ય જાણનારની યાદ આવે છે. તેમની સાથે મારે સીધો પરિચય તો હતો નહીં, પણ અમારા એક પરિચિત સજ્જન તેમના અંગે વાત કરતા રહેતા હતા. પોતાના પરિચિતની બાબતમાં વાત કરતાં તે કહેતા કે, તે વધુ ભણેલા-ગણેલા ન હતા, પરંતુ તેમના હાથનું લખાણ ખૂબ જ સારું હતું. સમય જતાં તેમણે પોતાના હસ્તલેખનમાં નવી-નવી શૈલીનો ઉમેરો કરવાનું ચાલુ રાખ્યું. એટલે કે પોતાને રિ-સ્કીલ કરી દીધા. તેમનું કૌશલ્ય જોઈને લોકો જાતે તેમની પાસે પહોંચવા લાગ્યા. લોકો તેમને કહેતા હતા કે, અમારે ત્યાં ખાસ પ્રસંગ છે, તો તમે આવો અને આમંત્રણ પત્ર ઉપર નામ વગેરે લખી આપો. પછીથી તેમણે પોતાની જાતને રિ-સ્કીલ કરી, અપ-સ્કીલ કરી. તેમણે અન્ય વધુ ભાષાઓમાં પણ લખવાની શરૂઆત કરી. થોડી વધુ ભાષાઓ પણ શીખ્યા અને એક રીતે પોતાનો વ્યવસાય વધારવામાં લાગી ગયા. ઘરે બેઠાં લોકો તેમની પાસે કામ લઈને આવવા લાગ્યા. એક શોખ ખાતર વિકસાવેલું કૌશલ્ય આજીવિકા અને સન્માનનું માધ્યમ બની ગયું.



**કૌશલ્ય એ એક એવી વસ્તુ છે કે જેની આપણે આપણી જાતને ભેટ આપીએ છીએ**

મિત્રો, કૌશલ્ય એ એક એવી વસ્તુ છે કે જેની આપણે આપણી જાતને ભેટ આપીએ છીએ. અનુભવની સાથે-સાથે એમાં વધારો થતો જાય છે. સમય જતાં તે વધુ બહેતર બનતું જાય છે. કૌશલ્ય એક અનોખી બાબત છે, જે તમને અન્ય કરતાં નોંખા બનાવે છે. કૌશલ્ય એ એક એવો ખજાનો છે કે જેને કોઈ તમારી પાસેથી છીનવી શકતું નથી. કૌશલ્ય એ એક આત્મનિર્ભરતા પણ છે, તે વ્યક્તિને રોજગારપાત્ર તો બનાવે છે જ, પણ સાથે સાથે સ્વરોજગાર પણ બક્ષે છે. કૌશલ્યની આ તાકાત છે, જે વ્યક્તિને ક્યાંથી ક્યાં પહોંચાડી દે છે.

**તમારી ઉંમર કોઈપણ હોય, તમે યુવાન હો કે વૃદ્ધ, જો તમે નવાં-નવાં કૌશલ્ય શીખી રહ્યા હોવ તો જીવન તરફનો ઉત્સાહ ઓછો નહીં થાય**


સાથીઓ, એક સફળ વ્યક્તિનો એક મોટો ગુણધર્મ એ હોય છે કે તે પોતાનું કૌશલ્ય વધારવાની કોઈ તક જવા દેતો નથી. માત્ર એટલું જ નહીં, કૌશલ્ય વધારવાની તક શોધતો રહેતો હોય છે. તમને જો કૌશલ્ય મેળવવા માટે કોઈ આકર્ષણ ના હોય, કશુંક નવું શીખવાની ધગશ ના હોય, તો જીવન સ્થિર થઈ જાય છે. ક્યાંક અટકી ગયા હોઈએ તેવો અનુભવ થતો હોય છે. એક રીતે કહીએ તો એ વ્યક્તિ પોતાના વ્યક્તિત્વ માટે બોજારૂપ બની જાય છે અને માત્ર પોતાના માટે જ નહીં, પોતાના સ્વજનો માટે પણ બોજારૂપ બને છે. તેથી વિરુદ્ધ, કૌશલ્ય તરફનું આકર્ષણ તમને જીવન જીવવાની તાકાત આપે છે, ઉત્સાહ આપે છે. કૌશલ્ય માત્ર રોજી-રોટી અને પૈસા મેળવવાનું સાધન જ નથી, પણ જિંદગીમાં ઉમંગ જોઈએ, ઉત્સાહ જોઈએ, જીવવાની જીદ જોઈએ અને જો આ બધું હોય તો કૌશલ્ય તમારા માટે એક પ્રેરક બળ બની જાય છે. તમારા માટે નવી પ્રેરણા લઈને આવે છે, ઊર્જા આપવાનું કામ કરે છે. તમારી ઉંમર કોઈપણ હોય, તમે યુવાન હો કે વૃદ્ધ, જો તમે નવાં-નવાં કૌશલ્ય શીખી રહ્યા હોવ તો જીવન તરફનો ઉત્સાહ ઓછો નહીં થાય.

**કૌશલ્યની તાકાત માત્ર પોતાના કામને જ નહીં, પણ પોતાની પ્રતિભાને પ્રભાવશાળી બનાવવામાં પણ પ્રેરક પુરવાર થાય છે**

સાથીઓ, કૌશલ્યમાં એક તાકાત હોય છે. તેની સાથે જોડાયેલો કોઈ ને કોઈ અનુભવ તમને પણ થયો જ હશે અને મને પણ થયો છે. અને આજે હું તે અંગે વાત કરીશ. મને એક જૂની ઘટના યાદ આવી રહી છે. આ એ સમયની વાત છે કે, જ્યારે હું યુવાન અવસ્થામાં આદિવાસી પટ્ટામાં સ્વયં સેવક તરીકે કામ કરી રહ્યો હતો અને કેટલીક સંસ્થાઓ સાથે મળીને હું કામ કરતો હતો. આથી એક વખત એક સંસ્થા સાથે, તે સંસ્થાના લોકોની સાથે મારે ક્યાંક બહાર જવાનું હતું. અમે બધા તેમની જીપમાં જવાના હતા, પરંતુ સવારે જ્યારે નીકળવાનું હતું ત્યારે જ તે જીપ ચાલુ થઈ નહીં. હવે આ જંગલોમાં ભટકતાં-ભટકતાં જવું પડે તેમ હતું. જીપ પણ એવી જ હતી. હવે બધા લોકો જોડાઈ ગયા અને ઘણા બધા લોકોએ કોશિશ કરી, ધક્કા માર્યા, ઘણી મહેનત કરી પણ જીપ ચાલુ જ ના થઈ શકી. અને જ્યારે ૭-૮ વાગી ગયા ત્યારે કોઈ એક મિકેનિકને બોલાવવામાં આવ્યો. તેણે આવીને થોડુંક આઘું-પાછું કર્યું અને બે મિનિટમાં તો જીપ ઠીક થઈ ગઈ. પછી તેને પૂછવામાં આવ્યું કે કેટલા પૈસા થયા તો તેણે કહ્યું રૂ.૨૦. તે જમાનામાં રૂ.૨૦ ઘણી મોટી બાબત હતી. મારા એક સાથીએ કહ્યું કે યાર, બે મિનિટનું કામ હતું અને તું રૂ.૨૦ માંગી રહ્યો છે. તેણે જે જવાબ આપ્યો તે આજે પણ મને પ્રેરણા આપી રહ્યો છે. મારા મનમાં પ્રભાવ પેદા કરી રહ્યો છે. તે નિરક્ષર મિકેનિકે કહ્યું કે, સાહેબ, હું બે મિનિટના કામના પૈસા નથી લેતો. હું ૨૦ વર્ષ સુધી કામ કરતાં-કરતાં જે શીખ્યો, મને જે કૌશલ્ય આવડ્યું, મને જે અનુભવ થયો તેના આ ૨૦ રૂપિયા છે. મારી એવી સમજ છે કે, કૌશલ્યની આ જ તો તાકાત છે. કૌશલ્યની તાકાત માત્ર પોતાના કામને જ નહીં, પણ પોતાની પ્રતિભાને પ્રભાવશાળી બનાવવામાં પણ પ્રેરક પુરવાર થાય છે.

**કેટલાક લોકો કૌશલ્ય અને જ્ઞાન બાબતે ખૂબ જ ગૂંચવાડામાં રહેતા હોય છે**

અને સાથીઓ, અહીં એક વસ્તુ સમજવી ખૂબ જરૂરી છે. કેટલાક લોકો કૌશલ્ય અને જ્ઞાન બાબતે ખૂબ જ ગૂંચવાડામાં રહેતા હોય છે અને ગૂંચવાડો પેદા કરતા રહેતા હોય છે. આવા લોકો અંગે હું તમને એક નાનું સરખું ઉદાહરણ આપીશ. તમે પુસ્તકો વાંચી શકો છો, યૂ-ટ્યૂબ પર વિડિયો જોઈ શકો છો કે, સાયકલ કેવી રીતે ચલાવવામાં આવે છે, સાયકલ પર કેવી રીતે બેસવું જોઈએ, સાયકલ કેવી હોય છે, તેનો કયો ભાગ કેવી રીતે કામ કરે છે, કેવી રીતે હેન્ડલ પકડવાનું હોય છે અને કેવી રીતે બ્રેક લગાવવાની હોય છે. આ બધુ તમે વિડિયોમાં પણ જોઈ શકો છો. તમને જે જાણકારી મળે છે તે તમારું જ્ઞાન છે. તમને જ્ઞાન હશે તો તમે સાયકલ ચલાવી શકશો જ તેની કોઈ ગેરંટી હોતી નથી, પરંતુ વાસ્તવમાં,



હકીકતમાં જ્યારે સાયકલ ચલાવવાની હોય છે ત્યારે કૌશલ્યની જરૂર પડતી હોય છે. તમને ધીરે-ધીરે સાયકલ ચલાવતાં આવડી જાય છે. પછી તમે તમારી મસ્તીમાં પણ સાયકલ ચલાવી શકો છો, આગળ વધતા રહો છો અને કોઈ તકલીફ પડતી નથી. જેમ-જેમ તમે આ કલાને શીખી લો છો, તેમ-તેમ ટેલેન્ટ મળતી રહે છે. તમારે ક્યારેય મગજ લગાવવું પડતું નથી.

અને આ ફર્કને સમજવાનું શાસકોથી માંડીને સમાજના દરેક સ્તરના લોકો માટે ખૂબ જરૂરી બની જાય છે. આજે ભારતમાં જ્ઞાન અને કૌશલ્ય બંને વચ્ચે જે અંતર છે તેને સમજીને કામ કરવામાં આવી રહ્યું છે. આજથી ૫ વર્ષ પહેલાં આજના જ દિવસે સ્કીલ ઈન્ડિયા મિશન આવી જ કોઈ વિચારણા સાથે શરૂ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ એવો હતો કે યુવાનોને કૌશલ્યની સાથે-સાથે જ્ઞાન પણ મળે. તેના માટે સમગ્ર દેશમાં સેંકડો પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આઈટીઆઈની સંખ્યા વધારવામાં આવી છે. તેમાં લાખો નવી બેઠકોનો ઉમેરો કરવામાં આવ્યો છે અને આ ગાળા દરમિયાન ૫ કરોડ કરતાં વધુ લોકોનો કૌશલ્યવિકાસ કરવામાં આવ્યો છે અને આ અભિયાન નિરંતર ચાલુ રહ્યું છે.

સાથીઓ, ઝડપભેર બદલાઈ રહેલી આજની આ દુનિયામાં અનેક સેક્ટરોમાં કૌશલ્ય ધરાવતા લાખો લોકોની જરૂર છે. ખાસ કરીને આરોગ્ય સેવાઓના ક્ષેત્રે ખૂબ મોટી સંભાવના ઊભી થઈ છે. આ બાબત સમજીને હવે કૌશલ્યવિકાસ મંત્રાલયે દુનિયાભરમાં ઊભી થયેલી આવી તકોનું આકલન કરવાની શરૂઆત કરી છે. આપણી કોશિશ એ છે કે, ભારતના યુવાનોને અન્ય દેશોની જરૂરિયાત અંગે, તેના સંબંધમાં સાચી અને નિશ્ચિત જાણકારી પ્રાપ્ત મળી રહે. કયા દેશમાં હેલ્થ સેક્ટરમાં નવાં દ્વાર ખૂલ્યાં છે, કયા દેશની કઈ સર્વિસમાં કેટલી માંગ ઊભી થઈ છે તે અંગેની જાણકારી હવે ઝડપભેર ભારતના યુવાનોને મળતી રહેશે.

## મર્ચન્ટ નેવીનું જ ઉદાહરણ

હવે મર્ચન્ટ નેવીનું જ ઉદાહરણ લો. ભારત સહિત દુનિયાના ઘણા દેશોને ખલાસીઓની મોટી જરૂરિયાત રહે છે. આપણી પાસે તો સાડા સાત હજાર કિલોમીટર કરતાં મોટો દરિયાકાંઠો છે. ખૂબ મોટી સંખ્યામાં આપણાં યુવાનો સમુદ્ર અને સાગરકાંઠાની પરિસ્થિતિથી જાણકાર છે. જો આ ક્ષેત્રમાં કૌશલ્ય વધારવાનું કામ કરવામાં આવે તો સમગ્ર દુનિયાને આપણે નિષ્ણાત ખલાસીઓ આપી શકીએ તેમ છીએ અને સાથે-સાથે આપણા દેશના સાગરતટના અર્થતંત્રને મજબૂત પણ બનાવી શકીએ તેમ છીએ.

મેપીંગના કારણે હવે આ પ્રકારની જાણકારીઓ આપવાનું કામ આસાન થઈ જશે. આ ઉપરાંત ચાર-પાંચ દિવસ પહેલાં દેશના શ્રમિકોના કૌશલ્યના મેપીંગ માટે એક પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ કૌશલ્ય ધરાવતા લોકોનું અને શ્રમિકોનું મેપીંગ કરવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા બજાવશે. તેના ઉપયોગ થકી માલિકો એક વખત ક્લીક કરીને કૌશલ્ય ધરાવતા કામદારો સુધી પહોંચી શકશે. ખાસ કરીને એવા શ્રમિકો સુધી પહોંચી શકશે કે જે હાલમાં શહેરોમાંથી પોતાનાં ગામડાંઓમાં આવ્યા છે. તેમને પણ ખૂબ જ મદદ મળશે. તમે હમણાં જાણ્યું હશે કે, એક ખાસ કૌશલ્ય ધરાવતા લોકો ગામડાંમાં પહોંચ્યા અને ગામડાંનો કાયાકલ્પ કરવાનું શરૂ કરી દીધું છે. કોઈ શાળામાં રંગાટી કામ કરી રહ્યું છે, તો કોઈ નવી-નવી ડિઝાઇનનાં ઘર બનાવી રહ્યું છે. નાના મોટા આ પ્રકારના અનેક કૌશલ્ય આત્મનિર્ભર ભારતની ખૂબ મોટી શક્તિ બની શકે તેમ છે.


હું દેશના યુવાનોને આજે વિશ્વ યુવા કૌશલ્ય દિન પ્રસંગે ફરી એક વખત ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

હાલમાં વૈશ્વિક મહામારીનો યુગ ચાલી રહ્યો છે, ત્યારે મારું પણ એક કર્તવ્ય બની રહે છે કે એક વખત નહીં, પણ વારંવાર એક બાબત ઉચ્ચારતો રહું. અને માત્ર હું જ તેનો પુનરુચ્ચાર ના કરું, તમે પણ મારી સાથે કરો. તો એ શું છે? પહેલાં તો હું એવી ઈચ્છા રાખીશ કે તમે સ્વસ્થ રહો. બે ગજના અંતરનું પાલન કરતા રહો. માસ્ક પહેરવાનું ભૂલશો નહીં. થાકી જવાની આદત છોડવાનું સૌને સમજાવતા રહો અને આજે જે કામ માટે આપણે એકઠા થયા છીએ તે મંત્રને હંમેશા માટે યાદ રાખો. ગમે તેટલું ભણીએ ગણીએ, ગમે તેટલી મોટી પદવીઓ કેમ ના હોય, પરંતુ તમારું કૌશલ્ય સતત વધારતા રહો. લગાતાર નવાં-નવાં કૌશલ્ય માટે પોતાની જાતને તૈયાર રાખવી જોઈએ. આવું કરશો તો જિંદગી જીવવાનો આનંદ આવશે, જિંદગીમાં નવા અવસરો પ્રાપ્ત કરવાનો આનંદ મળશે. અને મને વિશ્વાસ છે કે, તમે તમારા હાથની તાકાત, તમારી આંગળીઓની તાકાત, તમારા દિલ અને દિમાગની તાકાતથી એક હુન્નર વિકસાવશો, તેને આગળ ધપાવશો તો તમે પણ પ્રગતિ કરશો અને દેશ પણ પ્રગતિ કરશે.

તમને સૌને ખૂબ ખૂબ ધન્યવાદ !

●





## મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજનાથી રાજ્યના યુવાઓ આત્મનિર્ભર ભારતને સાકાર કરશે

# ગુજરાતે યુવાશક્તિના સ્કિલ ડેવલપમેન્ટથી વિશ્વના પડકારો ઝીલવા સક્ષમ યુથ પાવર ઊભો કર્યો છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ અવસરે યાજાયેલા નેશનલ સ્કિલ સમિટના વેબીનારમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતે યુવાશક્તિના કૌશલ્યવર્ધનથી તેને વિશ્વના પડકારો ઝીલી શકવા સક્ષમ બનાવવાનું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કૌશલ્ય સ્કિલ એક એવું સક્ષમ માધ્યમ છે, જેનાથી યુવાશક્તિને સામર્થ્યવાન, હુન્નર કૌશલ્યયુક્ત બનાવીને આત્મનિર્ભર ભારતની નેમ પાર પાડી શકાશે. મુખ્યમંત્રીશ્રીએ આ વેબિનાર વેળાએ રાજયના શ્રમ રોજગાર વિભાગના પ્રોજેક્ટ સંકલ્પનું પણ ઈ-લોન્ચિંગ શ્રમ રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરની ઉપસ્થિતિમાં કર્યું હતું. ઈન્ડસ્ટ્રીના માધ્યમથી ઈન્ડસ્ટ્રી દ્વારા ઈન્ડસ્ટ્રી સ્પેસિફિક તાલીમથી ઉદ્યોગોની જરૂરિયાતના આધાર પર મેનપાવર અને રાજયના યુવાનોને રોજગાર આપીને આત્મનિર્ભર યોજનાને ગતિ આપવાનો ઉદ્દેશ આ પ્રોજેક્ટમાં રાખવામાં આવેલો છે.

તેમણે ઉમેર્યું કે, દેશના યુવાનોનું શક્તિ-સામર્થ્ય તથા કૌશલ્યને નવી દિશા પ્રદાન કરવાના ઉદ્દેશથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી પાંચ વર્ષ પહેલાં ‘સ્કિલ ઈન્ડિયા’ મિશનની શરૂઆત કરી હતી.

આ કૌશલ્ય ભારત મિશનની સફળતાને પગલે સ્થાનીય અને વિશ્વ બંને સ્તરોએ યુવાઓને રોજગાર પ્રાપ્ત કરવાના અવસરમાં વધારો થયો છે.

ભારત ૬૫ ટકા યુવાઓની સાથે વિશ્વનો સૌથી મોટો યુવા દેશ છે ત્યારે ગુજરાતના યુવાનોના ભવિષ્યને ઉત્કૃષ્ટ બનાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત દેશનું એક માત્ર એવું રાજ્ય છે જ્યાં બેરોજગારીનો દર દેશમાં સૌથી ઓછો એટલે ૩.૪ ટકા છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, કૌશલ્યવિકાસ એક સંકલિત પ્રક્રિયા છે, જેમાં રોજગારીની સાથે શિક્ષાનો સમન્વય કરીને કુશળતાની તાલીમ પ્રદાન કરવામાં આવે છે


ગુજરાતના યુવાનોને સ્કિલ ડેવલપમેન્ટ માટે પ્રેરિત કરવાના ઉદ્દેશથી ‘મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ’ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આજે ગુજરાતમાં ૪૬ હજારથી વધુ એપ્રેન્ટિસશિપ તાલીમ લઈ રહ્યા છે જે ગુજરાત માટે ગૌરવની વાત છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આજે આખું વિશ્વ કોરોનાના સંક્રમણ સામે લડી રહ્યું છે, ત્યારે ગુજરાત કોરોના મહામારીના સંદર્ભમાં સતર્કતાથી આગળ વધી રહ્યું છે. કોરોના સંક્રમણકાળમાં વિદ્યાર્થીઓ તથા યુવાનોના અભ્યાસ પર અસર ન પડે તે માટે ઘરે બેસીને અભ્યાસ કરી શકે એવી અભિનવ પહેલ દેશમાં ગુજરાતે કરી છે. આ અંગે તેમણે જણાવ્યું કે, લોકડાઉન દરમ્યાન ૭૦૦ સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર્સ દ્વારા ૧૨ વિવિધ ટ્રેડ માટે ૨ હજાર કલાકથી વધારે ઈ-લર્નિંગ મટીરિયલ તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે તાલીમ લેનાર વિદ્યાર્થી માટે પરીક્ષાની સંપૂર્ણ તૈયારી માટે ૧૦ હજાર એમસીક્યૂની પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલી પહેલ આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સૌએ ‘વોકલ ફોર લોકલ’ બનવું પડશે તેવો અનુરોધ કરતાં તેમણે દેશમાં ઉપલબ્ધ કૌશલ્યની તકોનો વ્યાપક લાભ લેવા માટે યુવાઓને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ નવીન પર્વ કે લિયે નવીન પ્રાણ ચાહિયેની વિભાવના આપતાં કહ્યું કે, યુવાશક્તિના નવોન્મેષી વિચારોને સ્કિલ + વીલ + ઝિલ = વિનના પ્રધાનમંત્રી શ્રીના મંત્ર સાથે સાકાર કરવા ગુજરાતે સ્કિલ ડેવલપમેન્ટ મિશન, સ્કિલ યુનિવર્સિટી જેવા સમયાનુકૂલ આયામો પણ અપનાવ્યા છે.

●



**૧૧ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ શ્રી જયપ્રકાશ નારાયણજીની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'સાંસદ આદર્શ ગ્રામ યોજના'ની શરૂઆત કરવામાં આવી**



**ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા તેમના લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલ માણકોલ, મોડાસર અને ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ બિલેશ્વરપુરા અને રામનગર તથા ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામની 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' માટે પસંદ કરીને આધુનિક સુવિધાઓથી સુસજ્જ બનાવવા માટેનું બીડું ઝડપવામાં આવ્યું**



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા તેમના લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલ માણકોલ, મોડાસર અને ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ બિલેશ્વરપુરા અને રામનગર તથા ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામની 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' માટે પસંદ કરીને આધુનિક સુવિધાઓથી સુસજ્જ બનાવવા માટેનું બીડું ઝડપવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૧ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ શ્રી જયપ્રકાશ નારાયણજીની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'સાંસદ આદર્શ ગ્રામ યોજના'ની શરૂઆત કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત પ્રત્યેક સાંસદ દ્વારા પોતાના લોકસભા ક્ષેત્રમાંથી પસંદ કરેલા ગામડાના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. જેમાં જુદી-જુદી સરકારી યોજનાઓનો આ ગામડાંઓમાં અમલ કરીને તથા સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આદર્શ ગામ તરીકે વિકસાવવામાં આવે છે. આ પ્રક્રિયા અન્વયે ભૌતિક - માળખાગત સુવિધાઓ સહિત સ્માર્ટ સ્કૂલ, આરોગ્ય સુવિધાઓ, પોતાના ઘરના ઘરથી વંચિત નાગરિકો માટે પાકાં મકાનો જેવી વિવિધ પ્રકારની સવલતોનો સમાવેશ થાય છે.

આ હેતુસર સાણંદ તાલુકામાંથી પસંદ કરાયેલું માણકોલ ગામ નળસરોવર રોડ પર આવેલ પ્રથમ ગામ હોવાથી તે નળ સરોવરનું 'પ્રવેશદ્વાર' ગણાય છે. ૫૦૦ થી ૬૦૦ વર્ષ પહેલા વસેલું આ માણકોલ ગામ સાણંદથી ૧૮ કિ.મી.ના અંતરે સ્થિત છે અને ૫૮૬૨ની વસ્તી ધરાવે છે. માણકોલ ગામ ભારતીય અવકાશ વિજ્ઞાનના પિતા એવા પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. વિક્રમ સારાભાઈનું વતન હોવાથી ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. તેમની સોલર ફિઝિક્સ અને કૉસ્મિક રેઝ પ્રત્યેની જિજ્ઞાસા અને લગાવને લીધે તેમણે દેશમાં વિવિધ જગ્યાએ અવકાશીય અવલોકન કેન્દ્રો સ્થાપ્યાં.અમદાવાદની ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (ફિઝિકલ રીસર્ચ લેબોરેટરી - પી.આર.એલ.)ની ૧૯૪૭માં સ્થાપના પાછળ તેઓ નિમિત્ત છે. ભારતે અવકાશક્ષેત્રે જે અનેક સિદ્ધિઓ મેળવી છે તેના મૂળમાં આ સંસ્થા છે. અવકાશમાં મોકલવાના ઉપગ્રહોનો પણ અહીં વિકાસ થયો છે. ૧૯૭૪માં અવકાશમાં છોડવામાં આવેલા ભારતના ઉપગ્રહની ઘણીખરી રચના અહીં તેમના હસ્તક થઈ હતી.

નળ સરોવર અને સાણંદ શહેર ને જોડતું આ ગામ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં મીની વેપારી મથક તરીકે પ્રચલિત છે. આ ગામમાં નવરાત્રીનું પોતાનું આગવું મહત્ત્વ રહેલું છે. અહીં સ્થિત મા બુટભવાનીના મંદિરે ત્રીજા નોરતે આયોજિત થતા નવચંડી યજ્ઞમાં



હજારો ભક્તો ઉપસ્થિત રહી દર્શનનો લાભ મેળવે છે.

આ ઉપરાંત સાણંદ તાલુકામાંથી પસંદ કરાયેલું મોડાસર ગામ પૌરાણિક વારસો ધરાવે છે. મોડાસર ગામ સાણંદથી ૧૦ કિમી.ના અંતરે આવેલ છે અને ૨૦૧૯ની સ્થિતિએ ૫૪૧૦ લોકોની વસ્તી ધરાવે છે.

આ પાંડવકાલીન ગામમાં લોકવાયકા મુજબ અત્રિમુનિશ્રી દ્વારા તપોબળથી શિવલિંગ ઉત્પન્ન થયેલ છે, જે અત્રેશ્વર મહાદેવના નામથી ઓળખાય છે. આ અત્રિમુનિશ્રી દ્વારા કરાઈ રહેલા તપ દરમ્યાન ઋષિશ્રીને તરસ લાગતાં તેના માટે માતા અનસૂયા દ્વારા આજુબાજુમાં પાણીની શોધ કરવા છતાં પાણી પ્રાપ્ય ન થતાં અત્રિમુનિશ્રીએ તે જગ્યાએ બાણથી પ્રહાર કરતાં પાણીનો સ્રોત તીર આકારે ઉત્પન્ન થયેલ જે બાણગંગા તળાવના નામથી પ્રચલિત છે. સાણંદ-બાવળા પંથકમાં આ તળાવમાં સ્નાનનું અને ચૈત્રી પૂનમના મેળાનું પોતાનું આગવું મહત્ત્વ રહેલું છે. અહીં દર વર્ષે ચૈત્ર સુદ - અગિયારસથી પૂનમ સુધી પાંચ દિવસનો મેળો ભરાય છે. તેમાં પૂનમના દિવસે ભગવાન શિવજીનો વરઘોડો (માંડવી) પણ નીકળે છે, જેમાં હજારોની સંખ્યામાં ભક્તજનો દર્શનનો લાભ લે છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના કલોલ તાલુકાના પસંદ કરેલ બિલેશ્વરપુરા ગામ કલોલથી ૦૮ કિ.મી.ના અંતરે આવેલ છે. આ ગામનું નામ ગામમાં સ્થિત સ્વયંભૂ શિવલિંગ બિલેશ્વર મહાદેવ પરથી આવેલ છે. બિલેશ્વરપુરા ગામમાં જોવાલાયક રામજી મંદિર અને મહાકાળી માતાજીનાં મંદિરો આવેલા છે. બિલેશ્વરપુરાની વસ્તી ૨૦૭૧ નોંધાયેલ છે.

કલોલ તાલુકાનું જ અન્ય પસંદ કરાયેલ રામનગર કલોલથી ૬ કિલોમીટરના અંતરે સ્થિત છે, જેમાં ૨૦૧૯ ની સ્થિતિએ રામનગર વસ્તી ૨૦૩૮ નોંધાયેલ છે. અહીં નોંધનીય છે કે વર્ષ ૨૦૦૮-૦૯માં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'ગ્રામ પંચાયત નિર્મળ ગામ' પુરસ્કાર, વર્ષ ૨૦૧૦-૧૧ માં 'સ્વર્ણિમ ગ્રામ' પુરસ્કાર અને તાજેતરમાં ગામની જળ સ્વચ્છ સમિતિને વાસમો દ્વારા રૂ. ૫૦,૦૦૦નો પુરસ્કાર રામનગર ગામે મેળવેલ છે.


**પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ દ્વારા આ મંદિરનું નિર્માણ કરી માતાજીની પ્રતિષ્ઠા કરી હોવાનો ઉલ્લેખ ઇતિહાસમાં જોવા મળે છે. દર વર્ષે આસો સુદ નોમના દિવસે યોજાતી 'પલ્લી યાત્રા' માટે રૂપાલ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાંથી આસ્થાના પ્રવાહનું કેન્દ્રબિંદુ બને છે**

આ ઉપરાંત ગાંધીનગર તાલુકા અને જિલ્લામાં પસંદ કરાયેલું રૂપાલ ગામ સમગ્ર વિશ્વમાં ત્યાં યોજાતી ''પલ્લી યાત્રા'' માટે આગવી ખ્યાતિ ધરાવે છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરથી ૧૨ કિ.મી.ના અંતરે સ્થિત રૂપાલ ગામ ખાતે મહાભારત કાળનું પાંડવોના અજ્ઞાતવાસના સમયનું વિશ્વવિખ્યાત વરદાયિની માતાનું પવિત્ર મંદિર સ્થિત છે, જે શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પ્રતીક ગણાય છે. રૂપાલ ગામ ૬૫૮૭ જેટલી વસ્તી ધરાવે છે.

પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ દ્વારા આ મંદિરનું નિર્માણ કરી માતાજીની પ્રતિષ્ઠા કરી હોવાનો ઉલ્લેખ ઇતિહાસમાં જોવા મળે છે. દર વર્ષે આસો સુદ નોમના દિવસે યોજાતી 'પલ્લી યાત્રા' માટે રૂપાલ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાંથી આસ્થાના પ્રવાહનું કેન્દ્રબિંદુ બને છે અને આસો માસની નવરાત્રિ દરમ્યાન લાખોની સંખ્યામાં ભાવિક ભક્તોનો મહેરામણ અહીં ઊમટે છે. આ પલ્લીનું નિર્માણ ગામના સર્વે સંપ્રદાય અને તમામ વર્ગના લોકો દ્વારા સામૂહિક રીતે કરવામાં આવે છે. આ પલ્લી સમગ્ર રાત્રિ દરમ્યાન ગામના તમામ વિસ્તારોમાંથી પસાર થાય છે, અને ભાવિકો દ્વારા સતત ચાર લાખ કિલોગ્રામ જેટલા ઘીનો અભિષેક આ પલ્લી પર કરવામાં આવે છે. આ પલ્લી સાંપ્રદાયિક સદ્‌ભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા તેમના લોકસભા ક્ષેત્રની સતત ખેવના કરીને તમામ નાગરિકોની સુખાકારી માટે આવશ્યક બહુઆયામી પગલાં લેવાતાં રહ્યાં છે. આમ સમગ્ર ગાંધીનગર લોકસભા ક્ષેત્ર સહિત માણકોલ, મોડાસર, બિલેશ્વરપુરા, રામનગર અને રૂપાલ ગામની પશ્ચાદ્‌ભૂમિને અને સ્થાનિક રીતે તેમના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તમામ માળખાગત સુવિધાઓ અને વૈશ્વિક સુવિધા ઉપલબ્ધ બને અને આદર્શ ગામ તરીકે પ્રસ્થાપિત થાય તે માટે માનનીય સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા મક્કમ અને સાતત્યપૂર્ણ પગલાં લેવાઈ રહ્યાં છે.

●







### કોરોના સામેના જંગમાં
### મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ
### લેવાયેલાં જનહિતલક્ષી મહત્ત્વપૂર્ણ પગલાંઓની ઝાંખી

# નિર્ણાયક સરકાર
# હારશે કોરોના, જીતશે ગુજરાત

## સૌના આરોગ્યની લે સંભાળ, આ સંવેદનશીલ સરકાર

**માત્ર છ દિવસમાં જ અમદાવાદમાં ૧૨૦૦ બેડની ક્ષમતાવાળી ડેડિકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ ઊભી કરી દીધી**

- ગુજરાતમાં કોરોનાનો ૧૯મી માર્ચે પ્રથમ કેસ નોંધાયો ત્યારથી જ આવનારી પરિસ્થિતિને ઝડપથી પારખી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોની સુરક્ષા માટેનો ત્વરિત એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો.
- રાજ્યમાં કોરોના સંક્રમણને નિયંત્રણમાં રાખવા અને સ્થિતિ ઉપર નિરીક્ષણ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોર કમિટીની રચના કરી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં બનેલી આ કમિટીમાં નાયબ મુખ્ય મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તેમ જ અન્ય આવશ્યક સેવાઓના વરિષ્ઠ અધિકારીઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો. લોકડાઉન દરમિયાન મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં કોર કમિટીની બેઠક પ્રતિદિન મળતી રહી.
- વિદેશથી રાજ્યમાં આવતા પ્રવાસીઓનું થર્મલ સ્ક્રીનિંગ તેમ જ પ્રવાસીઓના હોમ ક્વોરન્ટાઈન માટેની ગાઈડલાઈન નક્કી કરવામાં આવી. સ્ક્રીનિંગ બાદ માર્ચમાં જ ૩૦ હજાર જેટલા પ્રવાસીઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા.
- રાજ્યમાં કોરોના પોઝિટિવનો પહેલો કેસ નોંધાયો તેના ગણતરીના દિવસોમાં જ ચાર મહાનગરોમાં ૨૨૦૦ બેડની ક્ષમતાવાળી ડેડિકેટેડ કોવિડ - ૧૯ હૉસ્પિટલ શરૂ કરી દેવાઈ. કોરોનાની મહામારી દરમિયાન ભારતમાં સૌ પ્રથમ કોરોના હૉસ્પિટલ શરૂ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ ઉપરાંત પ્રત્યેક જિલ્લાઓમાં ૧૦૦ બેડની ક્ષમતાવાળી કોવિડ - ૧૯ હૉસ્પિટલ શરૂ કરવામાં આવી. રાજ્યમાં અત્યારે કુલ ૪૨ હજાર પથારીની ક્ષમતા ધરાવતી સ્પેશિયલ કોવિડ હોસ્પિટલો, કોવિડ હેલ્થ સેન્ટરો અને કોવિડ કેર સેન્ટરો કાર્યરત છે.
- રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સ્તરે ૨૪ x ૭ કાઉન્સેલિંગ માટે હેલ્પલાઈન ૧૧૦૦ શરૂ કરવામાં આવી.
- રાજ્ય સરકારે કુલ ૨૫૦૦ વેન્ટિલેટર ઉપલબ્ધ કરાવ્યાં. તેમજ રાજ્યમાં ૩ લેયર્સ માસ્ક, એન-૯૫ માસ્ક અને સેનિટાઈઝરનો પુરવઠો સુનિશ્ચિત કરાયો. રાજ્યમાં સ્વદેશી પીપીઈ કીટનું નિર્માણ શરૂ કરાયું.
- સરકારે કોવિડ-૧૯ના સંક્રમણ બાદ આ રોગની યોગ્ય સારવાર થઈ શકે તે માટે રાજ્યના જ નહીં, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ખાનગી તેમજ સરકારી તજ્જ્ઞ તબીબોની સલાહકાર સમિતિનું ગઠન કર્યું.

## કાર્યક્ષમ સ્વાસ્થ્ય સંભાળ

**પ્લાઝમા થેરપી શરૂ કરવામાં ગુજરાત ભારતનું અગ્રગણ્ય રાજ્ય**

- અમદાવાદમાં ધનવન્તરી રથની સફળતા પછી ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પણ રાજ્ય સરકારે ધનવન્તરી રથની (મોબાઈલ મેડિકલ વાન) શરૂઆત કરી છે. અત્યારે રાજ્યમાં કુલ ૮૫૦ જેટલા ધનવન્તરી રથ કાર્યરત છે, જેમાં ઓપીડી, મેલેરિયા ટેસ્ટ, એંટીજન્ટટેસ્ટ, નાના-મોટા રોગોની સારવાર તેમજ દવાઓ ઉપલબ્ધ હોય છે. અત્યાર સુધીમાં ૬ લાખ જેટલા લોકોએ એનો લાભ લીધો છે.
- રાજ્યમાં ઉપલબ્ધ પ્રતિષ્ઠિત ખાનગી હોસ્પિટલોના સંચાલકો સાથે પરામર્શ કરી ખાનગી હૉસ્પિટલોમાં ૩,૦૦૦ જેટલી પથારીઓ વિના મૂલ્યે, રાહતદરે પ્રજાને ઉપલબ્ધ કરાવવામાં આવી.



- સુરતમાં ૩૯૫ આઈ.સી.યુ. બેડ સાથે કુલ ૧૯૮૦ બેડની બે ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલો રૂ. ૧૦૦ કરોડના ખર્ચે ઊભી કરવામાં આવી. સુરતના દર્દીઓની સંભાળ લેવા માટે વધારાના ૨૦૦ વેન્ટિલેટર તાત્કાલિક સુરત મોકલવામાં આવ્યાં.
- રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણ અટકાવવા સઘન કામગીરી થાય તેમજ કોરોના દર્દીઓની સારવારમાં એકસૂત્રતા જળવાય અને સારવારમાં સંકલન થઈ શકે તે માટે રાજ્યના ૧૫ જેટલા વરિષ્ઠ આઈ.એ.એસ. અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી. આ અધિકારીઓ ડિસ્ટ્રિક્ટ કંટ્રોલ રૂમ, કોલ સેન્ટર, પેશન્ટ મેનેજમેન્ટ, ટેલી મેડિસિન, ટેલી કન્સલ્ટેશન, ટ્રીટમેન્ટ પ્રોટોકોલ, ટેસ્ટીંગ સ્ટ્રેટેજી વગેરે બાબતો ઉપર સઘન દેખરેખ રાખે છે.

## કોરોના વોરિયર્સની સુરક્ષાને પ્રાથમિકતા

### દિવસ-રાત ફરજ બજાવતા તબીબો, પેરામેડિકલ સ્ટાફ, સુરક્ષાકર્મીઓ, સફાઈકર્મીઓ કોરોનાની અસરથી જાન ગુમાવે તો રૂા. ૨૫ લાખની સહાય

- મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને અમદાવાદ મેડિસિટીમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં ભારતના જાણીતા તજજ્ઞ તબીબોને અમદાવાદ મોકલવા અનુરોધ કર્યો. ગુજરાતની મુલાકાતે આવેલા એઈમ્સના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયા ગુજરાત સરકારની કોવિડ - ૧૯ સંદર્ભે થયેલી કામગીરીથી પ્રભાવિત થયા હતા. તેમણે કહ્યું કે, અમદાવાદમાં કોવિડના દર્દીઓને આપવામાં આવતી સારવાર AIIMSની કક્ષા જેવી જ છે.
- કોરોના પેશન્ટને બચાવવા જરૂર પડ્યે રૂ. ૫૦ હજારની કિંમતનું ઇન્જેક્શન વિના મૂલ્યે આપવાનો નિર્ણય કરાયો. આ ઇન્જેક્શનનો પર્યાપ્ત સ્ટોક રાજ્ય સરકારે ઉપલબ્ધ રાખ્યો.
- કોઈપણ ઓપરેશન માટે હૉસ્પિટલમાં જવાનું થાય ત્યારે મા અને મા વાત્સલ્ય કાર્ડધારકો માટે કોરોના ટેસ્ટનો ખર્ચ સરકારે ભોગવવાનો નિર્ણય કર્યો.
- રોગ પ્રતિકારક શક્તિ વધારવાના આયુષ મંત્રાલય-આયુર્વેદના ઉપાયોથી કોરોના સામે રક્ષણ આપવા માટે ૫ કરોડથી વધુ અમૃત પેય આયુર્વેદ ઉકાળા, ૨૨.૮૦ લાખ લોકોને સમશમનીવટી ગોળીઓ અને ૨.૨૫ કરોડ લોકોને આર્સેનિકમ આલ્બમ હોમિયોપથીની દવાનું વિતરણ કરાયું.



- કોરોનાના ડરને દૂર કરવા 'હું પણ કોરોના વોરિયર' અભિયાન શરૂ કરાયું. આ અભિયાનમાં લોકો મોટા પાયે જોડાયા.

## ગરીબો, વંચિતો અને વનબંધુઓની આજીવિકાનું રખાયું ધ્યાન

### રાજ્યના ૮૦ ટકા જેટલા લોકોને બે માસ માટે વિના મૂલ્યે અનાજનું વિતરણ


- સૌના પેટનો ખાડો પૂરવાની સંકલ્પબદ્ધતા સાથે લોકડાઉનના બે માસના સમય દરમિયાન રાજ્યના ૮૦ ટકા લોકોને વિના મૂલ્યે અનાજ વિતરણ કરાયું. લોકોને વિના મૂલ્યે ઘઉં, ચોખા, ચણા - ચણા દાળ, ખાંડ અને મીઠાનું વિતરણ કરાયું.
- રાજ્યના ઇતિહાસમાં પહેલી વાર મધ્યમવર્ગીય પરિવારોને પણ લોકડાઉનની સ્થિતિમાં વિના મૂલ્યે અનાજ આપવાનો પ્રશંસનીય નિર્ણય કરાયો.
- ૬૮.૮૦ લાખ NFSA રેશન કાર્ડધારકો અને ૬૧ લાખ APL-1 રેશન કાર્ડધારકોને એપ્રિલ અને મે મહિનામાં વિના મૂલ્યે રૂ. ૨,૦૦૦ કરોડની બજાર કિંમતનું અનાજ આપવામાં આવ્યું.
- રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧ થી ૮ના ૫૧.૭૨ લાખ વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ફૂડ સિક્યૂરિટી એલાવન્સ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ બાળકોને કુલ ૧,૫૬,૬૧૨ ક્વિન્ટલ ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે.
- રાજ્યના ૬૫ લાખ જેટલા NFSA પરિવારોને કુટુંબ દીઠ રૂ. ૧૦૦૦ તેમના બેન્ક ખાતામાં સીધા ડીબીટી દ્વારા જમા કરાયા.

- રાજ્યભરમાં લોકડાઉનના અતિવિશિષ્ટ સંજોગોમાં રાજ્યના નાગરિકોને અનાજ, દૂધ, શાકભાજી, ફળફળાદિ અને દવા જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓની અછત ના સર્જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સુદઢ આયોજન કરવામાં આવ્યું.
- કોવિડ - ૧૯ના કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં ગરીબો અને વંચિતોને મનરેગા યોજના અંતર્ગત ૨૫૦ લાખ માનવદિન રોજગારી સાથે રૂ. ૪૬૮ કરોડનું વેતન ચૂકવવામાં આવ્યું.

## લોકડાઉનમાં કાયદો અને વ્યવસ્થાનો ચુસ્ત અમલ

**ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા સર્વેલન્સ કામગીરી**

- રાજ્ય સરકાર દ્વારા લોકડાઉનના ચુસ્ત અમલ માટે પોલીસદળની વ્યૂહાત્મક ગોઠવણી કરવા માટે રાજ્યની તેમજ વિવિધ જિલ્લાઓની સરહદોને સીલ કરી, ચેકપોસ્ટ ઊભી કરી સતત પેટ્રોલિંગ, બેરીકેડ્સ લગાવવા તેમજ રાજ્યના વિવિધ વિસ્તારોનું નિરીક્ષણ કરવામાં આવ્યું.
- ખાસ કરીને ગીચ વસ્તીવાળા વિસ્તારો જ્યાં સાંકડી શેરી હોય અને એક્સેસ પોઇન્ટ મુશ્કેલ હોય અને જ્યાં કોરોના કેસના દર્દીઓનો વધારો થઈ રહ્યો હતો ત્યાં રાજ્ય સરકારે ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરી સર્વેલન્સ કામગીરી હાથ ધરી.
- સમગ્ર રાજ્યના કલસ્ટર તેનમાં લોકોને પોતાના ઘરની બહાર નીકળતાં અટકાવવા માટે રાજ્યની પોલીસે ડ્રોન અને સીસીટીવીના ઉપયોગથી કડક સર્વેલન્સનું નેટવર્ક સુનિશ્ચિત કર્યું.
- અપરાધીઓને સજા આપવા માટે પોલીસ દળ દ્વારા સતર્ક કામગીરી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આઈપીસીના જાહેરનામાનું ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ ૧,૭૫,૨૩૦ ઉપરાંત ફરિયાદો નોંધવામાં આવી. આ ઉપરાંત ૨,૬૩,૬૯૮ કરતાં વધુ વાહનો જપ્ત કરવામાં આવ્યાં.
- મુખ્યમંત્રીશ્રીએ કોવિડ - ૧૯ના સંક્રમણ દરમિયાન જપ્ત કરવામાં આવેલા ટુ વ્હિલરને રૂ. ૫૦૦ અને ફોર વ્હિલરને રૂ. ૧૦૦૦ની રકમ જમા કરાવી વાહનચાલકોનાં વાહનો મુક્ત કરવાનો માનવતાભર્યો નિર્ણય કર્યો.
- ગુજરાત પોલીસ દ્વારા બીટ પોલીસીંગથી એક ડગલું આગળ વધીને ડિજિટલ પોલીસીંગ અપનાવવામાં આવ્યું.



## લોકડાઉનમાં પણ નિરંતર કામ કરતી સરકાર

**મુખ્યમંત્રીશ્રીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના અધિકારીશ્રીઓ, કમિશનરશ્રીઓ, પોલીસ કમિશનરશ્રીઓ, મામલતદારશ્રીઓ, કોરોના દર્દીઓ તથા તબીબો સાથે સતત સંપર્ક કરી સાંત્વના અને ત્વરિત માર્ગદર્શન આપ્યું**

- લોકડાઉનમાં પણ મુખ્યમંત્રીશ્રીએ પ્રતિદિન CM ડેશબોર્ડના માધ્યમથી રાજ્યના ખૂણેખૂણામાં સંપર્ક જાળવી રાખ્યો.
- જનતાને સાચી - સ્પષ્ટ અને વિશ્વસનીય માહિતી પ્રાપ્ત થાય તે માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રતિદિન રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ચાર વખત મીડિયાને સચોટ માહિતી પૂરી પાડવામાં આવતી હતી.



- તબીબો, પેરા મેડિકલ સ્ટાફ, સુરક્ષાકર્મીઓ, સફાઈકર્મીઓ, પદાધિકારીશ્રીઓ, અગ્રણીઓ, દર્દીઓ, સરપંચશ્રીઓ વગેરે સાથે સતત જીવંત સંપર્ક રાખી મુખ્યમંત્રીશ્રીએ હૂંફ અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.
- રાજ્યમાં તમામ ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓએ વર્ષ ૨૦૨૧ સુધી દર મહિને વેતનમાં ૩૦%નો કાપ સ્વીકારી આ રકમ કોરોના મહામારીના ખર્ચમાં આપવાનો નિર્ણય કર્યો. ધારાસભ્યશ્રીઓને મળતી વાર્ષિક રૂ. ૧.૫૦ કરોડની વિકાસ ગ્રાન્ટ માર્ચ, ૨૦૨૧ સુધી કોરોના સંક્રમણ અટકાવવા માટે ઉપયોગમાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- રાજ્યમાં કોવિડ - ૧૯ની નાગરિકોને ઉત્તમ સારવાર મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ડોકટરોના ગ્રૂપ સાથે સતત



સંવાદ કરી કોરોના સંક્રમણને નાથવા માટે સંનિષ્ઠ પ્રયાસો કર્યા.

- મુખ્યમંત્રીશ્રીએ ધારાસભ્યશ્રીઓ અને સાંસદશ્રીઓ જેવા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે વીડિયો કોલીંગ અને ટેલિફોન મારફતે સતત સંપર્ક જાળવી રાખી માર્ગદર્શન પૂરું પાડ્યું.
- મુખ્યમંત્રીશ્રી સ્વયં CM ડેશબોર્ડના માધ્યમથી કોવિડ હોસ્પિટલોમાં દાખલ થયેલા દર્દીઓની સારવાર ઉપર સીસીટીવીના માધ્યમથી ચાંપતી નજર રાખે છે.

## શ્રમિકોને સન્માનપૂર્વક વતન પહોંચાડ્યા

**ગુજરાતે દેશભરમાં સૌથી વધુ ૧૦૦૦ જેટલી વિશેષ ટ્રેન દ્વારા ૧૪.૫૦ લાખ જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો, કામદારોને તેમના વતનમાં સન્માનપૂર્વક મોકલ્યા**

- રાજ્યમાં રૂ. ૪૦ કરોડના ખર્ચે રાહત શિબિર, શેડ બનાવવામાં આવ્યા. શ્રમિકો, મજૂરો માટે ભોજનની વ્યવસ્થા કરી ૫.૫૦ કરોડ જેટલાં ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું.
- લોકડાઉન દરમિયાન અન્નબ્રહ્મ યોજનાનો વિસ્તાર કરીને રાજ્ય સરકારે અન્ય રાજ્યના ૬ લાખ જેટલા શ્રમિક પરિવારોને રેશનકાર્ડ વગર પણ વિના મૂલ્યે ઘઉં, ચોખા, ખાંડ અને ચણાનું વિતરણ કર્યું. શ્રમિકોને, કામદારોને રહેવા જમવાની સુયોગ્ય વ્યવસ્થા કરી. એનજીઓના માધ્યમથી ૧૦ લાખથી વધુ રેશન કિટનું વિતરણ કરાયું.
- રાજ્યના ૬૫ લાખ જેટલા ગરીબ, શ્રમજીવી, અસંગઠિત કામદારો, બાંધકામ શ્રમિકો (NFSA કાર્ડધારકો) માટે આર્થિક સહાયનું રૂા. ૬૫૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું. ૬૫ લાખ પરિવારને રૂા. ૧૦૦૦ રોકડ સહાય આપવામાં આવી.
- વિશ્વના અન્ય દેશોમાં અટવાઈ ગયેલા ૧૩,૦૦૦ જેટલા ગુજરાતીઓને "વંદેભારત મિશન" હેઠળ પરત લાવવામાં આવ્યા.
- રાજ્યકક્ષાએ ૧૦૭૦ અને જિલ્લાકક્ષાએ ૧૦૭૭ હેલ્પ લાઇન કાર્યરત કરવામાં આવી.
- અન્ય રાજ્યોમાં ફસાઈ ગયેલા ગુજરાતના નાગરિકો, પ્રવાસીઓને પરત લાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૪ x ૭ કંટ્રોલરૂમ શરૂ કરી પ્રવાસીઓની વિગતો મેળવવામાં આવી. લોકડાઉનના ચોથા દિવસે હરિદ્વાર,




નેપાળ જેવાં દૂરનાં સ્થળોએ ફસાઈ ગયેલા ૧૮૦૦ જેટલા ગુજરાતી યાત્રિકો, મુસાફરોને ૨૮ બસ દ્વારા ગુજરાત પરત લાવવામાં આવ્યા.

## ધરતીપુત્રોની પડખે સંવેદનશીલ સરકાર

**રાજ્યના ૫૬ લાખથી વધુ ખેડૂત ખાતેદારોના ખાતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના રૂ. ૧૧૧૨ કરોડ જમા કરવામાં આવ્યા**

- ઉનાળુ પાક લેતા ખેડૂતોને બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ કરાઈ.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતોને એડ્વાન્સ પેમેન્ટ કરવાનો નિર્ણય. રાજ્યના ખેડૂતોનાં બેંક ખાતાંમાં રૂ. ૨૦૦૦ સીધા ટ્રાન્સફર કરાયા. રાજ્ય સરકારે રૂ. ૧૧૧૨ કરોડનો વધારાનો ખર્ચ કર્યો. ૫૬ લાખથી વધુ ખેડૂતોને તેનો લાભ મળ્યો.
- લોકડાઉન દરમિયાન રાજ્યના ખેડૂતો તેમના અનાજને ટેકાના ભાવે વેચી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૧૫ એપ્રિલથી APMCને ફરી શરૂ કરવાનો સાહસપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો. રાજ્યની ૧૪૦ APMCના માધ્યમથી ૧ કરોડ ક્વિન્ટલથી વધારે અનાજની ખરીદી કરવામાં આવી.
- અત્યાર સુધીમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના માધ્યમથી મિનિમમ સપોર્ટ પ્રાઇઝ પર રૂ. ૧૩૦ કરોડના ખર્ચથી ૬૭ હજાર મેટ્રિક ટન ઘઉં, ૧૧ હજાર મેટ્રિક ટન તુવેરની ખરીદી રૂ. ૬૭ કરોડના ખર્ચે કરવામાં આવી. જ્યારે ગુજકોમાસોલ દ્વારા રૂ. ૮૫૪ કરોડના ખર્ચે ૧ લાખ ૨૦ હજાર મેટ્રિક ટન ચણા અને રૂ. ૧૪૫ કરોડના ખર્ચે ૩૩ હજાર મેટ્રિક ટન રાઈડાની ખરીદી કરવામાં આવી. આમ, કુલ રૂ. ૯૨૬ કરોડના ખર્ચે ખેડૂતો પાસેથી અનાજની ખરીદી કરવામાં આવી.
- ખેડૂતો લોકડાઉનની પરિસ્થિતિમાં રવી પાકની લણણી



કરી શકે તે માટે વિશેષ છૂટછાટ આપવામાં આવી.

- મૂંગાં અને અબોલ પશુઓ માટે રાજ્યમાં આવેલી ગૌ શાળાઓ અને પાંજરાપોળની ૪.૫ લાખ ગાયોના નિભાવ માટે પ્રતિદિન રૂ. ૨૫ની સહાય એપ્રિલ અને મે માસમાં ચૂકવવાનો નિર્ણય. આ માટે રૂ. ૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.
- ગુજરાતના લાખો ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજે પાક ધિરાણ આપવાનો નિર્ણય. ૩ ટકા વ્યાજ ભારત સરકાર જ્યારે ૪ ટકા વ્યાજ ગુજરાત સરકાર ચૂકવશે. આમ રાજ્યના ખેડૂતોનું રૂ. ૨૫૦ કરોડનું વ્યાજ ભારણ ગુજરાત સરકારે ઉપાડ્યું.
- આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગના વિકાસ માટે રૂ. ૧૧૯૦ કરોડનું પેકેજ જાહેર કરાયું.

## આર્થિક પ્રવૃત્તિઓને હિમ્મતપૂર્વક ધમધમતી રાખી

**લોકડાઉન - ૩ દરમિયાન રાજ્યના ૩૪ હજારથી વધુ ઔદ્યોગિક એકમોને ઉત્પાદન શરૂ કરવાની મંજૂરી અપાઈ. ૪૦ હજારથી વધુ શ્રમિકો પુનઃ કાર્યરત થયા**

- રાજ્ય સરકારે લોકોને રોજગારી આપતા ઉદ્યોગો, નાના નાના એકમો, રજિસ્ટર કોન્ટ્રાક્ટર્સને નિર્દેશ કર્યો કે, લોકડાઉન દરમિયાન તેઓ પોતાના કર્મચારીઓને નોકરીમાંથી છૂટા ના કરે અને આવા કર્મચારીઓનો પગાર ન કાપે.
- લોકડાઉન-૩માં રાજ્ય સરકાર દ્વારા ૨૦ એપ્રિલ-૨૦૨૦થી કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર અને મ્યુનિસિપલ હદ વિસ્તારની બહારના વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો અને વ્યાપાર ધંધાને સુરક્ષાના જરૂરી તમામ નિયમોના પાલન સાથે ફરી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- ભારત સરકારે જાહેર કરેલી ગાઇડલાઇન પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા (૨૬મી એપ્રિલથી) ઉદ્યોગો અને વ્યાપાર-ધંધાઓ ફરી શરૂ કરવા માટે ૧૫૬ મ્યુનિસિપાલિટીઓ, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનને જરૂરી મંજૂરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- રાજ્ય સરકાર દ્વારા ગ્રીન ઝોનમાં ૫૦ ટકા મુસાફરો સાથે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસોને અવરજવર કરવાની પરવાનગી આપવાનો લોકડાઉન-૩માં ૪થી મેના રોજ નિર્ણય લેવામાં આવ્યો. આ ઉપરાંત વધુમાં વધુ બે મુસાફરો સાથે ટેક્સી અને કેબ ચલાવવાની મંજૂરી આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.
- ગુજરાતના ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં સલૂન, વાળંદની દુકાન અને ચાની દુકાનો ખોલવાની મંજૂરી આપવાનો નિર્ણય ૩જી મેથી કરાયો.
- રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ખાનગી કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્ણય લેવાતાં ૭૦૦થી પણ વધુ ખાનગી કન્સ્ટ્રકશન પ્રોજેક્ટમાં આશરે ૩૦ હજાર જેટલા કામદારો પોતાના કામ પર પરત ફર્યા છે.

## ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટું રૂ. ૧૪૦૦૦ કરોડનું આર્થિક પેકેજ

**રાજ્યના ઉદ્યોગકારો, ખેડૂતો, વંચિતો, ગરીબો માટે મુખ્યમંત્રીશ્રીની રૂ. ૧૪૦૦૦ કરોડની ગુજરાત આત્મનિર્ભર પેકેજની જાહેરાત**

- મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે રૂા. ૧૪૦૦૦ કરોડનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવ્યું.
- રાજ્યના વીજ વપરાશકારો માટે તમામ વીજ કંપનીઓના એપ્રિલ મહિનાનાં વીજ બીલો તા. ૩૦ મે સુધી ભરી શકે એ પ્રકારનો નિર્ણય લેવાયો. નાના-મોટા ઉદ્યોગ, વેપારી એકમોના એપ્રિલ મહિનાના વીજ બીલમાં ફિક્સ ચાર્જ નહીં લેવાનો નિર્ણય.
- પ્રોપર્ટી ટેક્ષ, વીજબીલ અને વાહન કરમાં રૂ. ૨૩૦૦ કરોડની રાહત અપાઈ, જેનો રાજ્યના ૧ કરોડ લોકોને લાભ મળશે.
- ઉદ્યોગો, વ્યવસાયો માટે રૂ. ૩૦૩૮ કરોડની પ્રોત્સાહક સબસિડી.
- ૧૬૪ લાખ ઉપરાંત પ્રોપર્ટી ધારકોને રૂ. ૭૯૪ કરોડની વીજ વપરાશ બીલમાં રાહત.
- ૧.૨૬ લાખ વેપારીઓને વેટ - જીએસટી કાયદા હેઠળ વહીવટી સરળતા.
- લક્ઝરી બસો, ટેક્સી, કમર્શિયલ વાહનો અને માલવાહક વાહનોને એપ્રિલ - મે મહિના માટે ગુડ્ઝ વ્હિકલ ટેક્સમાં માફી આપવાના નિર્ણયથી વાહનમાલિકોને રૂ. ૩૨૫ કરોડનો લાભ થયો.
- બાંધકામ પ્રવૃત્તિને વેગ આપવા એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રમાં એક લાખ સાઈઠ હજાર મકાનો માટે રૂ. ૧૦૦૦ કરોડની સબસિડી આપવાનો નિર્ણય.





**સુરતમાં યુદ્ધના ધોરણે માત્ર ૧૫ દિવસમાં ઊભી થયેલી ૧૦૦૦ બેડની ક્ષમતાવાળી કોરોના-કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલનું ગાંધીનગરથી ઈ લોકાર્પણ**

# કોરોના સામેનો જંગ જીતીને સુરત-ગુજરાત પહેલાં કરતાં સવાયું થઈને આગળ વધશે - શ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરતમાં નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નિર્માણાધીન સ્ટેમસેલ હોસ્પિટલમાં તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે ઊભી કરવામાં આવેલી ૧૦૦૦ બેડની કોવિડ-૧૯ ડેડીકેટેડ હોસ્પિટલનું ઈ લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી કર્યું હતું. આ કોવિડ હોસ્પિટલમાં ૨૧૧ ICU બેડ સાથે ૧૦૦૦ પથારીની સુવિધાઓ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ તા. ૪ જુલાઈએ સુરતની કોરોના સ્થિતિની સમીક્ષા માટે લીધેલી મુલાકાત વેળાએ તેમણે આ હોસ્પિટલ ઊભી કરવા આપેલી સૂચનાઓનો ખૂબ જ ટૂંકા ગાળામાં ત્વરિત અમલ કરીને સુરત જિલ્લા તંત્ર અને આરોગ્ય વિભાગે સ્ટેમલેસ હોસ્પિટલ ખાતે આ કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ તૈયાર કરી છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ માત્ર ૧૫ જ દિવસમાં આ ઝડપી અને અસરકારક કામગીરી માટે આરોગ્ય તંત્ર અને જિલ્લા વહિવટીતંત્રને અભિનંદન પાઠવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વવ્યાપી મહામારી કોવિડના સંક્રમણને ગુજરાતમાં રાજ્ય સરકારનાં આરોગ્યલક્ષી આયોજનબદ્ધ પગલાંઓથી વ્યાપક પ્રમાણમાં ફેલાતો અટકાવી શકાયો છે તેમ સ્પષ્ટપણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર-શુશ્રૂષા માટે કયાંય કોઈ બેડ નથી તેવી ફરિયાદ નથી આવતી અને હાલમાં ૧૯ હજારથી વધુ પથારીની હોસ્પિટલોમાં વેન્ટિલેટર્સ અને દવાઓ સહિતની સુવિધાઓ પર્યાપ્ત મળી રહી છે.

સુરતમાં સરકારી હોસ્પિટલમાં ૧૫૦૦, ખાનગી હોસ્પિટલમાં ૮૦૦ બેડ્સ ઉપલબ્ધ હતા જેમાં આજે ૧૦૦૦ બેડ્સનો ઉમેરો કરવામાં આવ્યો છે, આમ કુલ ૩૩૦૦થી વધુ બેડ્સ સુરતમાં ઊભા કરવામાં આવ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં વધી રહેલા કોરોના સંક્રમણની રાજ્ય સરકારે વિશેષ ચિંતા કરીને માઈક્રોપ્લાનીંગ સાથે સઘન સર્વેલન્સ, ધન્વન્તરી રથ દ્વારા સારવાર જેવા વ્યાપક આરોગ્યલક્ષી પગલાં ભર્યાં છે તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સંક્રમણ સામે કોરોના સંક્રમણ સાથે સતર્કતાપૂર્વક પ્રવૃત્તિઓ શરૂ કરવા સાથે સંક્રમિતોની સંપૂર્ણ સારવારના અભિગમથી આપત્તિને અવસરમાં પલટવાની ગુજરાતની ખુમારી ઉજાગર થઈ છે તેમ પણ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોરોના બાદ પણ આ હોસ્પિટલનો લાભ અન્ય રોગના દર્દીઓને મળે તેવી સુવિધાસભર આ હોસ્પિટલ બનાવવામાં આવી છે. માત્ર બેડ-ખાટલા પાથરી દેવા એવા થાગડ-થીગડ ઉપાય એટલું નહિ પરંતુ સુરતમાં આધુનિક સારવાર સુવિધા કોરોના સંક્રમિતોને તાત્કાલિક મળી રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી છે તેમ તેમણે દૃઢતાપૂર્વક જણાવ્યું હતું.


મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણ અટકાવવા સારી આદતો કેળવીને, જનજાગૃતિથી સૌ કોરોનાને હટાવશે અને હારશે કોરોના જીતશે ગુજરાતની ખુમારી સાકાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે માત્ર ૧૫ જ દિવસમાં તમામ અદ્યતન સગવડતા-સાધનો સાથેની ૧ હજાર બેડની કોવિડ હોસ્પિટલ ઊભી કરવાની આ સિદ્ધિને ગુજરાતના આરોગ્ય ક્ષેત્રના ઈતિહાસના સ્વર્ણિમ પૃષ્ઠ રૂપી ઘટના ગણાવી હતી.

તેમણે રાજ્યના ઔદ્યોગિક અગ્રણી એવા આ સુરત મહાનગરમાં કોરોના સંક્રમણ નિયંત્રણની રાજ્ય સરકારે વિશેષ ચિંતા કરી છે તેની પણ છણાવટ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં સ્પેશ્યલ કોવિડ કેર સેન્ટર ઊભાં કરવાના સૂચનને આવકારીને કોરોના સંક્રમણ સામે સુરતમાં શ્રેષ્ઠતમ સારવાર સુવિધા આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ ઉમેર્યું હતું.

●



## ન્યૂક્લિયર પાવર ટેક્નોલોજીમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં અગ્રેસર ગુજરાત
## કાકરાપારમાં સંપૂર્ણ સ્વદેશી બનાવટનો પરમાણુ ઊર્જા પ્લાન્ટ કાર્યરત



**સ્વદેશી ૭૦૦ મેગાવોટ પ્લાન્ટ કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ-૩ મેક ઇન ઇન્ડિયાનું ઉત્તમ ઉદાહરણ છે. સાથે જ ભવિષ્યમાં આવી અનેક ઉપલબ્ધિઓ માટેની એક શરૂઆત પણ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી**

ન્યૂક્લિયર પાવર ટેક્નોલોજીમાં ભારત હવે આત્મનિર્ભર બની ગયું છે. આ સાથે જ ભારત વિશ્વના એ દેશોની હરોળમાં આવી ગયું છે કે જેની પાસે પોતાની ન્યૂક્લિયર પાવર ટેક્નોલોજી હોય. એટલે કે ભારતમાં સંપૂર્ણ સ્વદેશી બનાવટનો પરમાણુ ઊર્જા પ્લાન્ટ કાર્યરત થઈ ગયો છે. આ સિદ્ધિ ગુજરાત માટે પણ ખૂબ જ મહત્ત્વની કહી શકાય કારણ કે ગુજરાતમાં જ આવેલા કાકરાપાર પરમાણુ ઊર્જા પ્લાન્ટે આ સિદ્ધિ મેળવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ટ્વીટ કરીને કાકરાપાર પરમાણુ ઊર્જા પ્લાન્ટ-૩ માટે કામ કરતા પરમાણુ વૈજ્ઞાનિકોને શુભેચ્છાઓ પાઠવી છે. પીએમએ લખ્યું કે ‘સ્વદેશી ૭૦૦ મેગાવોટ પ્લાન્ટ કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ-૩ મેક ઈન ઈન્ડિયાનું ઉત્તમ ઉદાહરણ છે. સાથે જ ભવિષ્યમાં આવી અનેક ઉપલબ્ધિઓ માટેની એક શરૂઆત પણ છે.’

### ભારતનું સૌથી મોટું રિએક્ટર

ગુજરાત સ્થિત ૭૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા આ પરમાણુ ઊર્જા પ્લાન્ટ સામાન્ય કાર્યસ્થિતિમાં આવવું એ વાતના સંકેત છે કે હવે આ પ્લાન્ટ ઊર્જાના ઉત્પાદન માટે તૈયાર છે. આ દેશનું એક માત્ર સૌથી મોટું રિએક્ટર છે. આ પ્લાન્ટમાં લગાવાયેલાં તમામ ઉપકરણો અને ટેક્નોલોજી સ્વદેશી બનાવટની છે. એટલે કે આત્મનિર્ભર ભારત તરફ આ એક મોટું પગલું કહી શકાય.

### ભારતે ન્યૂક્લિયર પાવર ટેક્નોલોજીનો કર્યો વિકાસ

KAPP-3ની આ ઉપલબ્ધિને ખૂબ જ મોટી ગણાઈ રહી છે. ભારતે ત્રિસ્તરીય ન્યૂક્લિયર પ્રોગ્રામ વિકસાવ્યો છે, જેમાં ક્લોઝ્ડ ફ્યૂલ સાયકલ પર આધારિત એક ત્રણ ચરણોવાળો પરમાણુ કાર્યક્રમ વિકસિત કરાયો છે જે અંતર્ગત એક ચરણમાં ઉપયોગ કરાયેલા ઈંધણને ફરીથી પ્રોસેસ કરીને અલગ ચરણ માટેના ઈંધણ તરીકે થાય છે.

### સુરતથી ૮૦ કિલોમીટર દૂર સ્થિત પ્લાન્ટ

કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ



સુરતથી ૮૦ કિલોમીટર દૂર તાપી નદીના કિનારે સ્થિત છે. આ પ્લાન્ટમાં હવેથી KAPS-3નો પણ સમાવેશ કરાયો છે. સંપૂર્ણ ભારતમાં નિર્મિત ૭૦૦ મેગાવોટ આ પ્લાન્ટનો વિકાસ અને ઓપરેશન ન્યૂક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(NPCIL)એ કર્યું છે. પ્લાન્ટમાં ૨૨૦ મેગાવોટની ક્ષમતાના બે અને સ્ટેશન KAPS-1 અને KAPS-2 પણ છે જેમાં પ્રથમ પ્લાન્ટની શરૂઆત વર્ષ ૧૯૯૩માં અને બીજાની શરૂઆત ૧૯૯૫માં થઈ હતી.

### ૨૦૨૧ સુધીમાં KAPS-4 પણ શરૂ થવાની આશા

KAPS-3ની શરૂઆત બાદ હવે KAPS-4 પણ જલદીથી શરૂ થાય તેવી આશા છે. KAPS-3 માર્ક-૪ ટાઈપ કેટેગરીનુ ઉપકરણ છે, જે પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર(PHWR) ડિઝાઈનનું ઉત્તમ ઉદાહરણ છે. આ રિએક્ટર તમામ પ્રકારના સેફ્ટી ફીચર્ચ ધરાવે છે. આ રિએક્ટર સ્ટીમ જનરેટરથી યુક્ત છે જેનું વજન અંદાજે ૨૧૫ ટન છે. એપ્રિલ ૨૦૧૯માં વર્લ્ડ એસોસિયેશન ઓફ ન્યૂક્લિયર ઓપરેશન્સ(WANO)એ KAPS-3નો પ્રી સ્ટાર્ટઅપ રિવ્યુ શરૂ કર્યો હતો.



# આપણી કેન્દ્ર સરકારના આગવા સમાચાર

## રક્ષા અધિગ્રહણ પરિષદે ૩૮,૯૦૦ કરોડ રૂપિયાની સૈન્યસામગ્રીની ખરીદીને મંજૂરી આપી

રક્ષામંત્રી શ્રી રાજનાથજીની અધ્યક્ષતામાં રક્ષા અધિગ્રહણ પરિષદની ૨ જુલાઈના રોજ થયેલી બેઠકમાં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા વિભિન્ન પ્લેટફોર્મ અને ઉપકરણોને લગતી સૈન્યસામગ્રીની ખરીદીને મંજૂરી આપવામાં આવી. ૩૮,૯૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી.

સ્વદેશી વિકાસ અને ડિઝાઈન પર કેન્દ્રિત આ સ્વીકૃતિઓમાં ભારતીય ઉદ્યોગો પાસેથી સૈન્યસામગ્રીની ખરીદી સામેલ છે. ઉપકરણોનું ભારતમાં નિર્માણ થશે. તેમાં ભારતીય સૈન્ય માટે પિનાકા ગોળા-બારૂદ, બીએમપી આયુધ ઉન્નયન અને સોફ્ટવેર ડિફાઈન્ડ રેડિયો તથા ભારતીય નૌસેના તથા વાયુસેના માટે દૂરના સ્થળો સુધી જમીન પર આક્રમણ કરનારી ક્રૂઝ મિસાઈલ પ્રણાલી અને એસ્ટ્રા મિસાઈલ સામેલ છે. આ ઉપરાંત આપણા લડાકુ સ્ક્વોડને વધારવા અંગે ભારતીય વાયુસેનાની જરૂરિયાતોને લક્ષમાં લેતાં અધિગ્રહણ પરિષદે મોજૂદ ૫૯ મિગ-૨૯ વિમાનોના અપગ્રેડની સાથે ૨૧ મિગ-૨૯ અને ૧૨ એસયૂ-૩૦ એમકેઆઈ વિમાનોની ખરીદીને મંજૂરી આપી છે.

## આયકર વિભાગે કોવિડ-૧૯ મહામારી દરમ્યાન ૨૦ લાખથી વધુ કરદાતાઓને ૬૨૩૬૧ કરોડ રૂપિયા પરત કર્યા

કોવિડ-૧૯ મહામારીની વર્તમાન સ્થિતિમાં કરદાતાઓને મદદ કરવાના ઉદ્દેશ્યથી લાંબા વખતથી પડેલા આયકર રિફંડનો ઉપયોગ કરવા માટે ૮ એપ્રિલના રોજ રજૂ કરેલ પ્રેસ નોટ અનુસાર સરકારના નિર્ણયના અનુપાલન માટે આયકર વિભાગે ૮ એપ્રિલથી ૩૦ જૂન સુધી પ્રતિ મિનિટ ૭૬ ફાઈલના નિકાલની ગતિથી રિફંડ કર્યા છે. આ અવધિ દરમ્યાન કેવળ ૫૬ દિવસોમાં કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (સીબીડીટી)એ ૨૦.૪૪ લાખથી વધુ કેસમાં ઉકેલ લાવતાં ૬૨,૩૬૧ કરોડ રૂપિયાથી અધિક આયકર રીફંડ કર્યું. આ અવધિ દરમ્યાન કરદાતાઓને ૧૯૦૭૮૫૩ કેસોમાં કુલ ૨૩,૪૫૩.૫૭ કરોડ રૂપિયા આયકર રીફંડ અને ૧,૩૬,૭૪૪ કેસોમાં કુલ ૩૮,૯૦૮.૩૭ કરોડ રૂપિયા કોર્પોરેટ કર રીફંડ કરવામાં આવ્યા. આ કામગીરી માટે અને આટલી મોટી સંખ્યામાં રીફંડ સંપૂર્ણ રીતે ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી કરવામાં આવ્યાં અને સીધા જ કરદાતાઓનાં બેંક ખાતાંઓમાં જમા કરવામાં આવ્યાં.

રીફંડના મામલાઓમાં કેટલાંક વર્ષો પહેલાં જે બનતું હતું, તેનાથી વિપરીત આ રીફંડ મામલાઓમાં કોઈપણ કરદાતાને રીફંડ કરવા અંગે અનુરોધ (ફરિયાદ) કરવા માટે વિભાગનો સંપર્ક કરવા પડ્યો નથી. તેમના બેંક ખાતામાં સીધું જ રીફંડ જમા કરવામાં આવ્યું.

## એપ્રિલ-જૂન દરમ્યાન ૧૧૧.૬૧ લાખ એમટી ખાતરનું રેકોર્ડબ્રેક વેચાણ

રાષ્ટ્રીય સ્તર પર કૉવિડ-૧૯ લોકડાઉન હોવા છતાં કેન્દ્રીય રસાયણ અને ખાતર વિભાગે ખેડૂત સમુદાયમાં ખાતરનું રેકોર્ડબ્રેક વેચાણ કર્યું છે. એપ્રિલ-જૂન ૨૦૨૦ દરમ્યાન ખેડૂતોને ખાતરની પીઓએસ વેચાણ ૧૧૧.૬૧ લાખ કહ્યું. જે ગત વર્ષના આ જ સમયગાળા દરમ્યાન ૬૧.૫ લાખ એમટીના વેચાણની તુલનામાં ૮૨.૮૧ ટકા વધુ છે.

આ અવધિ દરમ્યાન ખેડૂત સમુદાયને ૬૪.૮૨ લાખ એમટી યુરિયા (પાછલા વર્ષની તુલનામાં ૬૭ ટકા વધુ), ૨૨.૪૬ લાખ એમટી યુરિયા (પાછલા વર્ષની તુલનામાં ૧૦૦ ટકા વધુ)નું વેચાણ કરવામાં આવ્યું. રાષ્ટ્રીય સ્તર પર કોવિડ-૧૯ મહામારી વખતના લોકડાઉનના કારણે પરિવહન અંગેના પ્રતિબંધો હોવા છતાં પણ ખાતર વિભાગ, રેલ મંત્રાલય, રાજ્ય સરકારો અને બંદરગાહોના નક્કર પ્રયાસોને લીધે ખાતરનું ઉત્પાદન અને આપૂર્તિ કોઈ અડચણ વગર ચાલુ છે.

આ રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા આગામી ખરીફ સીઝન માટે ખેડૂતોને ખાતરની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે.

## કેન્દ્ર સરકારે રાજ્યોને ૨ કરોડથી વધુ એન-૯૫ માસ્ક અને ૧ કરોડથી વધુ પીપીઈ કીટ નિઃશુલ્ક વિતરિત કર્યા

કેન્દ્ર સરકાર કોવિડ-૧૯ને રોકવા, નિયંત્રણ કરવા અને પ્રતિબંધન માટે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સાથે મળીને લગાતાર પ્રયાસ કરી રહી છે. મહામારીથી લડવા માટે સ્વાસ્થ્યના મુદ્દે તંદુરસ્તી જાળવી રાખવામાં કેન્દ્ર સરકારની ભૂમિકા મહત્ત્વની છે.

પહેલી એપ્રિલ ૨૦૨૦થી ૨ જુલાઈ ૨૦૨૦ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો અને કેન્દ્રીય સંસ્થાઓને ૨.૦૨ કરોડથી વધુ એન-૯૫ માસ્ક, ૧ કરોડ ૧૮ લાખથી વધુ પીપીઈ કીટ અને

હાઈડ્રોક્સીક્લોરીનની ૬ કરોડ ૧૨ લાખ ટેબ્લેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સિવાય 'મેક ઇન ઇન્ડિયા' વેન્ટિલેટર વિભિન્ન ઇસ્પિતાલોમાં પહોંચાડવામાં આવ્યાં છે. ભારત સરકાર આ વેન્ટિલેટરના ઉપયોગ અંગ પણ માર્ગદર્શન પૂરું પાડે છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧.૦૨ લાખ ઓક્સિજન સિલિન્ડર પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. આમાંથી ૭૨,૨૯૩ સિલિન્ડરો ઇસ્પિતાલોમાં પહોંચી ચૂક્યાં છે.

**જલ જીવન મિશન : લોકડાઉન દરમ્યાન ૧૯ લાખ ઘરોમાં નળ કનેક્શન આપવામાં આવ્યાં**

જલ જીવન મિશન (જેજેએમ) અંતર્ગત ૨૦૧૯-૨૦ દરમ્યાન ૭ મહિનામાં ૮૪ લાખથી વધુ ઘરોમાં નળ કનેક્શન આપવામાં આવ્યાં છે.

જલ જીવન મિશનનું લક્ષ્ય દેશના પ્રત્યેક ગ્રામીણ પરિવારને વર્ષ ૨૦૨૪ સુધીમાં ચાલુ ઘરેલુ નળ કનેક્શન પ્રદાન કરવાનું છે. આ રીતે લાંબી અવધિ સુધી અને નિયમિત રીતે, નિર્ધારિત ગુણવત્તા સાથે પર્યાપ્ત માત્રામાં એટલે કે ૫૫ લિટર (પ્રતિદિન-પ્રતિવ્યક્તિ) પાણી પહોંચાડવાનું ધ્યેય સિદ્ધ કરવું છે. ચાલુ વર્ષ દરમ્યાન જલ જીવન મિશનના કાર્યાન્વયન માટે રાજ્યોને ૮,૦૫૦ કરોડ રૂપિયાનું કેન્દ્રીય ભંડોળ આપવામાં આવ્યું છે. ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રણ માસમાં દેશભરનાં ગામડાંમાં ૧૯ લાખ નળ કનેક્શન આપવામાં આવ્યાં છે. કોવિડ-૧૯ની મહામારીના કારણે પેદા થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં પણ રાજ્યોના ઠોસ પ્રયાસોથી આ કામ સંભવ બન્યું છે.

જ્યારે આખો દશ કોવિડ-૧૯ મહામારી સામે લડી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર ગ્રામીણ ક્ષેત્રોમાં નળ કનેક્શન પ્રદાન કરીને પેયજળની વ્યવસ્થા માટે સતત પ્રયાસ કરે છે, જેથી લોકોને પોતાના ઘેર જ પાણી મળે.


**સમુદ્ર સેતુ અભિયાન : ૬૮૭ ભારતીય નાગરિકોને આઈએનએસ જહાજ દ્વારા ઈરાનથી લાવવામાં આવ્યા**

ભારતીય નૌસેનાના 'ઓપરેશન સમુદ્ર સેતુ' અંતર્ગત તૈનાત આઈએનએસ જહાજના માધ્યમથી ૧ જુલાઈના રોજ ૬૮૭ ભારતીય નાગરિકોને ઈરાનના બંદર અબ્બાસથી તૂતીકોરિન બંદર પર લાવવામાં આવ્યા. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ઈરાનથી ૯૨૦ ભારતીય નાગરિકોને ભારતીય જહાજ દ્વારા ભારત લાવવામાં આવ્યા છે.

ઈરાનમાં ભારતીય મિશન દ્વારા ભારતીય નાગરિકોને સુવિધા આપવામાં આવી હતી. આવશ્યક શારીરિક તપાસ બાદ તે લોકોને જહાજ પર ચડાવવામાં આવ્યા હતા. સમુદ્રી યાત્રા દરમ્યાન કોવિડ-૧૯ સંબંધિત સુરક્ષા પ્રોટોકોલનું સખતાઈથી પાલન કરવામાં આવ્યું હતું.

તૂતિકોરિનમાં સ્થાનિક અધિકારીઓએ આવનાર આ નાગરિકોની સંભાળ લીધી અને તેમને જલદીથી તેમના ગંતવ્યસ્થાનોએ પહોંચાડવા પૂર્વે તેમના સ્વાસ્થ્યની તપાસ, પ્રવાસન અને પરિવહન જેવી વ્યવસ્થા કરી.

ભારતીયોને સ્વદેશ લાવવાની આ બાબત સાથે ભારતીય નૌસેના વર્તમાનની કોવિડ-૧૯ની મહામારી દરમ્યાન માલદીવ, શ્રીલંકા અને ઈરાનથી ભારતીય નાગરિકોને સ્વદેશમાં લાવી ચૂકી છે.



**કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓમાં સામેલ વ્યક્તિઓને આતંકવાદી ઘોષિત કર્યા**

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ગેરકાનૂની ગતિવિધિ નિવારણ અધિનિયમના વિભિન્ન પ્રાવધાનો અંતર્ગત ૧ જુલાઈના રોજ ૯ વ્યક્તિઓને આતંકવાદી ઘોષિત કર્યા છે. તેમાં બબ્બાર ખાલસા ઈન્ટર નેશનલના પ્રમુખ નેતા વાધવાસિંહ બબ્બાર, પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન ઈન્ટરનેશનલ શીખ યૂથ ફેડરેશનના સરગના લખબીરસિંહ અને ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સના રંજિત સિંહ સામેલ છે.

ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે આ લોકો સીમાપાર અને વિદેશની ધરતી પરથી વિભિન્ન આતંકવાદી ગતિવિધિઓમાં લિપ્ત રહ્યા હતા. નિવેદનમાં કહેવાયું છે કે આ લોકો પંજાબમાં પોતાની રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓથી આતંકવાદને ફરીથી શરૂ કરીને દેશને ડામાડોળ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ લોકો ખાલિસ્તાન બનાવવાના ષડયંત્રમાં સામેલ છે અને તેને સમર્થન આપે છે.

કેન્દ્ર સરકારે ગેરકાનૂની ગતિવિધિઓ નિવારણ અધિનિયમ, ૧૯૬૭ને ગત વર્ષે ઓગસ્ટમાં સંશોધિત કરીને વ્યક્તિવિશેષને આતંકવાદી ઘોષિત કરવાનું પ્રાવધાન કર્યું છે. આ પહેલાં, આ અધિનિયમ અંતર્ગત કેવળ સંગઠનોને આતંકવાદી સંગઠન તરીકે ઘોષિત કરવામાં આવતાં હતાં.

**એમએસએમઈ માટે ઉદ્યોગ પંજીકરણ પોર્ટલ ૧લી જુલાઈથી ચાલુ**

કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉદ્યોગ મંત્રાલય દ્વારા વિકસિત ઉદ્યોગ પંજીકરણ પોર્ટલ ૧ જુલાઈથી ચાલુ થઈ ગયું છે. ઉદ્યોગોનું વર્ગીકરણ તથા



પંજીકરણની નવી પ્રક્રિયા ૨૬ જૂન, ૨૦૨૦ની પહેલાં જ ઘોષિત કરવામાં આવેલી અધિસૂચન અનુરૂપ શરૂ કરવામાં આવી.

ઓનલાઈન પંજીકરણ માટે http://udyamregistration.gov.inને શરૂ કરવાની સાથે જ એમએસએમઈ મંત્રાલયે સુવિધા માટે ચેંપિયસ કંટ્રોલ રૂમ અને ડીઆઈસીમાં એકલ ખીડકી પ્રણાલીની પણ વ્યવસ્થા કરી છે.

મંત્રાલયને આશા છે કે આ નવી પંજીકરણ પ્રક્રિયાથી ‘ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ’ એટલે કે કારોબારી સુગમતાને પ્રોત્સાહન મળશે અને આનાથી લેણદેણ વખતે લાગતમાં ઘટોડા થશે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ પોર્ટલ સિવાય કોઈ અન્ય ખાનગી ઓનલાઈન યા ઓફલાઈન પ્રણાલી, સેવા, એજન્સી યા વ્યક્તિ એમએસએમઈ પંજીકરણ કરવા માટે અધિકૃત છે.

કેન્દ્રીય એમએસએમઈ મંત્રાલયે ટ્રવિટ કર્યું, ‘વધાઈ ! એમએસએમઈની નવી વર્ગીકરણ તથા પંજીકરણ પ્રક્રિયા આજથી પ્રભાવિત થઈ ગઈ છે. આપ આપના ઉદ્યમ અથવા ઉપક્રમને http://t.coloogGoarGosપર પંજીકૃત કરી શકો છો. કૃપા કરીને સંકોચ વગર સુઝાવ આપશો.’

**રક્ષા મંત્રી શ્રી રાજનાથસિંહે વીજળી, તેલ તથા ગેસ અન્વેષણ પરિયોજનાઓને એનઓસી લાગુ કરવા માટે ઓનલાઇન પોર્ટલનો શુભારંભ કર્યો**

કેન્દ્રીય રક્ષામંત્રી શ્રી રાજનાથસિંહે રક્ષા રાજ્યમંત્રીશ્રી શ્રીપાદ નાઈકની ઉપસ્થિતિમાં ૨૯મી જૂનના રોજ ભારતીય સીમામાં આવેલા જળક્ષેત્ર (ડીડબ્લ્યૂ) અને વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (ઈઈઝેડ)માં વીજળી પરિયોજનાઓ અને અનુસંધાન સર્વેક્ષણ અન્વેષણ ઉપયોગનાં (આરએસઈઈ) કાર્યો માટે અનાપત્તિ પ્રમાણપત્ર (એનઓસી) લાગુ કરવાના ઉદ્દેશ્યથી એક નવી વેબ પોર્ટલનો શુભારંભ કર્યો છે.

રક્ષા મંત્રાલય (એમઓડી) વિભિન્ન નિજી સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ)ને રક્ષા પ્રતિષ્ઠાનોની આસપાસના ક્ષેત્રોમાં વીજળી, પવન, સૌર પરિયોજનાઓ અને નવીન તથા નવીનીકરણ ઊર્જા મંત્રાલય (એમએનઆરઈ) વિદ્યુત મંત્રાલય, પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલય, પોત પરિવહન મંત્રાલય, હાઈડ્રોકાર્બન મહાનિદેશક આદિ વિભિન્ન સંસ્થાઓના માધયમથી મળેલાં આવેદનો પર ભારતીય ટીડબલ્યૂ તથા ઈઈઝેડમાં આરએસઈઈ ગતિવિધિઓ માટે પણ સુરક્ષા સ્વીકૃતિ આપે છે.

એમઓડીના આ પોર્ટલથી આવેદકો માટે વીજળી પરિયોજનાઓ આરએસઈઈ ગતિવિધિઓ માટે એમઓડી સુરક્ષા મંજૂરી પ્રાપ્ત કરવા માટે પોતાના પ્રસ્તાવને રજૂ કરવાનું સરળ બની જશે.

ઓનલાઇન વ્યવસ્થાથી આ પ્રસ્તાવોના અભ્યાસ માટે એક પ્રભાવી, તેજ અને પારદર્શી પોર્ટલની સ્થાપના કરવામાં આવશે. મંત્રાલયે પૂર્વમાં હવાઈ સર્વેક્ષણ માટે એનઓસી જારી કરવાના ઉદ્દેશ્યથી આ પ્રકારના પોર્ટલની શરૂઆત કરી છે.

**ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદની ૧૫ ઓગસ્ટના રોજ દેશમાં બનેલી કોવિડ-૧૯ વેક્સીન લોંચ કરવાની યોજના**

ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદ (આઈસીએમઆર) બધાં પરીક્ષણો પૂરાં કર્યા બાદ ૧૫ ઓગસ્ટથી સ્વદેશી કોવિડ-૧૯ વેક્સીન રજૂ કરવાની યોજના બનાવી રહી છે. આઈસીએમઆર એ આ મહત્ત્વપૂર્ણ કોવિડ-૧૯ વેક્સીન વિકસિત કરવા માટે ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડની સાથે ભાગીદારી કરી છે.


આઈસીએમઆર એ ભારત બાયોટેકને ક્લિનિકલ પરીક્ષણમાં ઝડપ લાવવાનું કહ્યું છે. ભારત બાયોટેકને એ સુનિશ્ચિત કરવાનું કહેવાયું છે કે પરીક્ષણ માટે દર્દીઓનાં નામ નોંધવાની પ્રક્રિયા ૭ જુલાઈથી શરૂ કરવામાં આવે.

કેન્દ્રીય ઔષધ માનક નિયંત્રણ સંગઠને કોવિડ-૧૯ની વેક્સીનની સંભાવના માટે ઝાઈડસ કેડિલાને મનુષ્ય પર ફેજ-૧ અને ફેજ-૨ ક્લિનિકલ પરીક્ષણની અનુમતિ આપી છે. ભારત બાયોટેકની કોવેક્સિન પછી બીજ સંભવિત વેક્સીન છે, જેને મનુષ્ય પર ક્લિનિકલ પરીક્ષણની મંજૂરી મળી છે.

ઝાઈડસ વેક્સીન જાઈકોવ-ડીને ભારતમાં વિકસિત કરવામાં આવી છે. પ્રી-ક્લિનિકલ ફેજ પૂરો થાય બાદ અમદાવાદમાં કંપનીના વેક્સીન પ્રૌદ્યોગિકી કેન્દ્રમાં આ વેક્સીન વિકસિત કરવામાં આવી છે.

કંપનીના કહેવા મુજબ પશુઓ પરના અધ્યયનમાં આ વેક્સીનની રોગ-પ્રતિરોધી પ્રણાલી પ્રભાવશાળી જોવામાં આવી. આ પરીક્ષણ, ઉંદર, ગિની પીગ, અને સસલાંઓ પર કરવામાં આવ્યાં. આ વેક્સીનથી ઉત્પન્ન થતા એન્ટિબોડીઝ વાયરસ ન્યૂટ્રલાઇઝન હિસ્સામાં વાઈલ્ડ ટાઈપ વાઈરસને સંપૂર્ણપણે નિષ્ક્રિય કરવામાં સક્ષમ જણાયા છે. આનાથી સંકેત મળે છે કે આમાં સુરક્ષાત્મક વેક્સીનની સંભાવના સારી એવી છે. ભારતમાં ઘણી જગ્યાએ એક હજારથી વધુ દર્દીઓ પર આ મહિને ક્લિનિકલ પરીક્ષણ શરૂ થવાની સંભાવના છે.

પ્રશાંત વાળા





## ગુજરાતનો ઇતિહાસ રહ્યો છે કે જ્યારે જ્યારે દેશની સામે સંકટ આવ્યું છે ત્યારે ગુજરાતે સંકટની પરિસ્થિતિમાં દેશને દિશા આપી છે. ગુજરાતવાસીઓ ગમે તેવી કઠિન પરિસ્થિતિનો સામનો કરવામાં અગ્રેસર રહ્યા છે - શ્રી પીયૂષ ગોયલજી

કેન્દ્રીય મંત્રીશ્રી પીયૂષ ગોયલજી, કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાજી, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ "આત્મનિર્ભર ભારત પેકેજ" અંતર્ગત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રદેશ પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ, ડીબેટ ટીમના સભ્યશ્રીઓ તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીશ્રીઓ, વિવિધ વેપારી અને ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન, લઘુ ઉદ્યોગ-MSME સાથે જોડાયેલ બુદ્ધિજીવીઓ સાથે સંવાદ કર્યો હતો.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ કેન્દ્રીય રેલવે, ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રીશ્રી પીયૂષ ગોયલજીનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રીય મંત્રી તરીકે દેશવાસીઓના હિતમાં સતત પરિણામલક્ષી કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.આ ઉપરાંત શ્રી વાઘાણીએ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાજી, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા સહિત વર્ચ્યુઅલ સંવાદમાં જોડાયેલ સૌને આવકાર્યા હતા.


કેન્દ્રની ભાજપા સરકારના કેબિનેટ મંત્રીશ્રી પીયૂષ ગોયલજીએ જણાવ્યું હતું કે ગુજરાતનો ઈતિહાસ રહ્યો છે કે જ્યારે જ્યારે દેશની સામે સંકટ આવ્યું છે ત્યારે ગુજરાતે સંકટની પરિસ્થિતિમાં દેશને દિશા આપી છે. આજે દેશમાં કોરોના મહામારીને કારણે પ્રવર્તમાન પરિસ્થિતિને પહોંચી વળવા અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા ગુજરાતના બે પનોતા પુત્રો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભારત સરકાર આત્મવિશ્વાસ સાથે દેશના તમામ વર્ગોના કલ્યાણ માટે સતત કાર્યશીલ છે.

શ્રી ગોયલજીએ જણાવ્યું હતું કે, ગુજરાતવાસીઓ ગમે તેવી કઠિન પરિસ્થિતિનો સામનો કરવામાં અગ્રેસર રહ્યા છે. કચ્છમાં આવેલા ભયાનક ભૂકંપ બાદનું કચ્છનું પુનઃનિર્માણ ઐતિહાસિક ઘટના છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે ઊભરતા ભારતમાં ગુજરાત દિશા બતાવશે અને દેશના વિકાસમાં પ્રમુખ યોગદાન આપશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ગુજરાતે વિવિધ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી, તે સમયના અનુભવોથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કેન્દ્રીય સ્તરે અમને સૌ મંત્રીશ્રીઓને વિવિધ વિભાગોની કાર્યપદ્ધતિના અનુસંધાને જે સલાહ સૂચન આપી રહ્યા છે તેના પરિણામે આજે દેશ ગુડ ગવર્નન્સની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે.

શ્રી ગોયલજીએ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતના સંકલ્પનું પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે બીડું ઉપાડ્યું છે ત્યારે તેને સિદ્ધ કરવા સરકારની સાથે જનતા પણ રાષ્ટ્રવાદના ભાવ સાથે દેશને આત્મનિર્ભર



## દેશવાસીઓના મનમાં દેશની આઝાદી વખતે જે ‘સ્વદેશી’ની ભાવના હતી તે લાંબા અરસા બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ફરી એક વખત જીવંત થઈ છે - શ્રી પરષોત્તમભાઈ રૂપાલા



કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીએ જણાવ્યું હતું કે, દેશવાસીઓના મનમાં દેશની આઝાદી વખતના સમયે જે ‘સ્વદેશી’ની ભાવના હતી તે લાંબા અરસા બાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ફરી એક વખત જીવંત થઈ છે. આત્મનિર્ભર ભારતની પરિકલ્પના મહાત્મા ગાંધીજીના ‘ગ્રામ સ્વરાજ’ના વિચારમાં હતી જેને આજે ચરિતાર્થ કરવાના સંકલ્પ સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી રૂ.૨૦ લાખ કરોડના વિશેષ આર્થિક પેકેજ સાથે આત્મનિર્ભર ભારત યોજના લઈને આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ઈતિહાસમાં પ્રથમ વખત ૧ લાખ કરોડ રૂપિયા કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવેલ છે જેનાથી આગામી સમયમાં પોસ્ટ-હારવેસ્ટિંગ સ્ટોરેજ માટે, કોલ્ડચેઈન સ્ટોરેજ માટે, રેફ્રિજરેટર વેન સહિતની વ્યવસ્થાઓ મોટા પ્રમાણમાં થશે. આજે દેશ દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ આગળ વધવાના પથ પર આગળ વધી રહ્યો છે. ઈમ્પોર્ટ ઘટાડવા અને એક્સપોર્ટ વધારવા કેન્દ્રની ભાજપા સરકાર ઉદ્યમીઓ માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ લાવી રહી છે ત્યારે કોંગ્રેસ ફક્ત અને ફક્ત જનતામાં ભ્રમ અને નકારાત્મકતા ફેલાવી પાણીમાંથી પોરા કાઢવાનું કાર્ય કરી રહી છે.


શ્રી પરસોત્તમભાઈ રૂપાલાજીએ જણાવ્યું હતું કે, ભારતમાં આત્મનિર્ભર થવાની પૂર્ણ સક્ષમતા છે, ૨૩મી માર્ચ ૨૦૨૦ પહેલાં ભારતમાં એક પણ PPE કીટ બનતી ન હતી અને આજે ભારતીય કંપનીઓએ ૩ મહિનાના ટૂંકા ગાળામાં દિવસમાં ૩ લાખ PPE કીટ બનાવવાની ક્ષમતા ઊભી કરી લીધી છે. વિશ્વના ૧૨૦ દેશોમાં કોરોનાની સારવાર માટે ઊપયોગી દવાઓ ભારતે મોકલી છે.સમગ્ર વિશ્વની નજર આજે ભારત પર છે, આયુર્વેદ તરફ આખી દુનિયા મીટ માંડી રહી છે.

બનાવવાના આ યજ્ઞમાં જોડાઈ છે, તે આનંદદાયક બાબત છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ સંદર્ભે થયેલ પરિણામલક્ષી કામગીરીને પગલે જ ભારત આજે વિશ્વમાં ૧૪૨ થી ૬૩મા સ્થાને પહોંચવામાં સફળ થયું છે. ૨૦૦ કરોડ રૂ. સુધીના ટેન્ડરમાં ‘મેક ઈન ઈન્ડિયા’ કંપની જ ભાગ લઈ શકશે તે નિર્ણયથી ભારતીય કંપનીઓને ચોક્કસપણે ફાયદો થશે.

આ વર્ચ્યુઅલ સંવાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીશ્રીઓ, વિવિધ વેપારી અને ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન, લઘુ ઉદ્યોગ-MSME સાથે જોડાયેલ બુદ્ધિજીવીઓએ શ્રી પીયૂષ ગોયલજી સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

### માન. પ્રદેશ અધ્યક્ષશ્રીઓના કાર્યકાળની વિગત

| ક્રમ | અધ્યક્ષશ્રીનું નામ | સમયગાળો |
|---|---|---|
| ૧ | શ્રી કેશુભાઈ પટેલ | વર્ષ ૧૯૮૦ થી ૧૯૮૩ |
| ૨ | શ્રી મકરંદભાઈ દેસાઈ | વર્ષ ૧૯૮૩ થી ૧૯૮૫ |
| ૩ | શ્રી ડૉ. એ. કે. પટેલ (ઈન્ચાર્જ) | વર્ષ ૧૯૮૫ થી ૧૯૮૬ |
| ૪ | શ્રી શંકરસિંહ વાઘેલા | વર્ષ ૧૯૮૬ થી ૧૯૯૧ |
| ૫ | શ્રી કાશીરામભાઈ રાણા | વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૬ |
| ૬ | શ્રી વજુભાઈ વાળા | વર્ષ ૧૯૯૬ થી ૧૯૯૮ |
| ૭ | શ્રી રાજેન્દ્રસિંહ રાણા | વર્ષ ૧૯૯૮ થી ૨૫-૧૦-૦૫ |
| ૮ | શ્રી વજુભાઈ વાળા | તા. ૨૬-૧૦-૦૫ થી ૨૫-૧૦-૦૬ |
| ૯. | શ્રી પરસોત્તમભાઈ રૂપાલા | તા. ૨૬-૧૦-૦૬ થી ૦૧-૦૨-૧૦ |
| ૧૦. | શ્રી આર. સી. ફળદુ | તા. ૦૧--૦૨-૧૦ થી ૧૯-૦૨-૧૬ |
| ૧૧ | શ્રી વિજયભાઈ રૂપાણી | તા. ૧૯-૦૨-૧૬ થી ૦૬-૦૮-૧૬ |
| ૧૨. | શ્રી જીતુભાઈ વાઘાણી | તા. ૦૬-૦૮-૧૬ થી ૨૦-૦૭-૨૦ |



પ્રેરક શાહ

સફળતાનાં ૩ વર્ષ

# જી.એસ.ટી. - એક દેશ - એક કર - એક બજાર
# આઝાદી પછીનો સૌથી મોટો આર્થિક સુધારો

**જી.એસ.ટી. કાયદો તારીખ ૦૧ જુલાઈ ૨૦૧૭થી લાગુ કરવામાં આવ્યો**

વર્ષ ૨૦૧૪ના મે મહિનામાં સ્પષ્ટ બહુમતવાળી સરકાર ચૂંટાયા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શિતાવાળા નેતૃત્વ હેઠળ સરકારે વિકાસલક્ષી માળખાકીય સુધારા કરવાના શરૂ કર્યા. જી.એસ.ટી. (માલ અને સેવા કર) કાયદો જે વર્ષ ૧૯૯૯માં તે સમયના વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીની સરકાર દ્વારા સૂચવવામાં આવ્યો અને વર્ષ ૨૦૦૨માં સંશોધન માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી. મોદી સરકાર ચૂંટાયા બાદ માત્ર ૩ મહિનાના ટૂંકા ગાળામાં તે સમયના નાણામંત્રી સ્વ. શ્રી અરુણભાઈ જેટલી દ્વારા જી.એસ.ટી. બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું. સમયાંતરે સુધારા-વધારા કર્યા બાદ એપ્રિલ-૨૦૧૭માં લોકસભા અને રાજ્યસભામાં જી.એસ.ટી. બિલ પાસ થયું અને કાયદાનું સ્વરૂપ લીધું. જી.એસ.ટી. કાયદો તારીખ ૦૧ જુલાઈ ૨૦૧૭થી લાગુ કરવામાં આવ્યો. જી.એસ.ટી. કાઉન્સિલમાં કેન્દ્ર સરકારના ૨ અને રાજ્ય સરકાર કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૧ સભ્યો ભેગા મળીને જાહેર હિતમાં નિર્ણયો કરે છે, જેથી સુધારાઓ સરળતાથી અમલમાં મૂકી શકાય છે.

ફ્રાન્સમાં જી.એસ.ટી કાયદો વર્ષ ૧૯૫૪માં ૨૦% ના સમાંતર દરથી લાગુ કરવામાં આવ્યો. ન્યુઝીલેન્ડ દેશમાં વર્ષ ૧૯૮૬ માં ૧૦% ના દરથી જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો જે બાદમાં વધારીને ૧૫% કરવામાં આવ્યો. સિંગાપોરમાં ૩%ના દરથી જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો જે બાદમાં ૭% કરવામાં આવ્યો. ચાઈના દેશમાં ૦%, ૫% અને ૧૯% એમ ત્રણ દરથી જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો, પરંતુ તેમાં ખૂબ ઓછી વસ્તુઓ પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.

**જી.એસ.ટી. એ અત્યાર સુધીની દુનિયાની સૌથી મોટી કર ક્રાંતિ ગણાય છે**

જી.એસ.ટી. એ મોદી સરકાર દ્વારા આઝાદી પછીના ઈતિહાસનો અપ્રત્યક્ષ કર માટેનો પરિવર્તનકારી સુધારો છે. જી.એસ.ટી. એ અત્યાર સુધીની દુનિયાની સૌથી મોટી કર ક્રાંતિ ગણાય છે. દુનિયાના લગભગ ૧૬૦ જેટલા દેશોમાં જી.એસ.ટી.નો કાયદો અલગ અલગ સ્વરૂપે અસ્તિત્વમાં છે પરંતુ ભારત જેવા વિશાળ દેશમાં આ કાયદાને ખૂબ સારી રીતે અને અન્ય દેશોની સરખામણીમાં વધુ અસરકારક રીતે લાગુ કરવામાં આવ્યો જેનું શ્રેય મોદી સરકારને આપવામાં કોઈ બેમત નથી. ભારત જેવા વિશાળ દેશમાં જયારે આટલી મોટી જનસંખ્યા અને વેપાર સંસ્થાઓને સ્પર્શતા સુધારા કરાય ત્યારે થોડી ઘણી વ્યવહારિક અને વ્યવસાયિક તકલીફો પણ જોવા મળે તે વ્યાજબી છે અને મોદી સરકારે વેપારી સમુદાયને સાથે રાખીને વેપારી વર્ગ દ્વારા વખતોવખત સૂચવેલા જરૂરી સુધારાઓ કર્યા અને આજે જી.એસ.ટી.નો કાયદો એ દેશના વેપારી વર્ગના લોકોએ ખૂબ સરસ રીતે સ્વીકારી લીધો.

જી.એસ.ટી. વિષે નકારાત્મક બોલતા લોકો ભારત દેશના કાયદાને સિંગાપોર જેવા મુંબઈથી અડધી વસ્તી ધરાવતા દેશના કાયદા સાથે સરખામણી કરતા હતા, પરંતુ અહીં ઉલ્લેખનીય વાત એ છે કે જી.એસ.ટી. લાગુ કર્યા સમયે સિંગાપોરમાં ફુગાવાનો દર રોકેટગતિએ ૮.૪૦% પહોંચી ગયો હતો જયારે ભારતમાં જુલાઈ ૨૦૧૭ થી જોઈએ તો સરેરાશ ફુગાવાનો દર ૪.૦૦% થી નીચે રહ્યો છે. મોદી સરકારની અનોખી અને આંખે વળગી આવે એવી આ ઉપલબ્ધિ છે. જી.એસ.ટી. એ ઉત્પાદનથી લઈને વેચાણ સુધીના દરેક તબક્કે થતી મૂલ્યવૃદ્ધિ પર લાગતો વેરો છે અને ખરીદી પર ચૂકવેલો વેરો વેચાણ પર ચૂકવવાપાત્ર વેરાની જવાબદારીમાં બાદ મળે છે, અને તે જ કારણથી મોદી સરકાર દ્વારા ભારત દેશમાં લાગુ કરવામાં આવેલો કાયદો અન્ય દેશોની સરખામણીમાં ચડિયાતો છે.

**જૂન-૨૦૨૦ના અંતે નોંધાયેલા વેપારીઓની સંખ્યા ૧,૨૩,૧૧,૧૦૪ છે જે ફક્ત ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં લગભગ બમણી થઈ**

દેશમાં જૂના વેલ્યુ એડેડ ટેક્સ વેટ), એકસાઈઝ ડ્યૂટી અને સર્વિસ ટેક્સના કાયદાઓ હેઠળ જોડાયેલા કરદાતાઓ પૈકી લગભગ ૬૪ લાખ એટલે કે લગભગ ૯૯.૩% વેપારીઓએ નવા જી.એસ.ટી.ના કાયદામાં રજિસ્ટ્રેશન કરાવ્યું. અહીં નોંધપાત્ર વસ્તુ એ છે કે જૂના કાયદાઓમાં નોંધણી માટેની મર્યાદા ૫-૧૦ લાખ સુધીની હતી જયારે નવા જી.એસ.ટી. કાયદામાં આ મર્યાદા વધારીને ૨૦ લાખ કરવામાં આવી હતી, તેમ છતાં આટલી મોટી સંખ્યામાં લોકો જી.એસ.ટી.માં જોડાયા જે લોકોની સરકાર પ્રત્યેની વિશ્વસનીયતા સૂચવે છે. કાયદો અમલમાં આવ્યાથી ત્રણ વર્ષમાં ઘણા નવા વેપારીઓએ નોંધણી કરાવી



અને જૂન-૨૦૨૦ના અંતે નોંધાયેલા વેપારીઓની સંખ્યા ૧,૨૩,૧૧,૧૦૪ છે જે ફક્ત ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં લગભગ બમણી થઈ ગયેલી જોવા મળી છે. નોંધણીનું આ સંખ્યાબળ સરકારના વધુમાં વધુ લોકોને કરવેરાના દાયરામાં લાવવાના અને વિકાસલક્ષી કામો કરવાના ધ્યેય માટે મજબૂત પરિબળ છે.

**જી.એસ.ટી.ના કલેક્શનમાં ઉત્તરોત્તર થતો વધારો પ્રગતિ અને વિકાસના પંથે આગળ વધી રહેલા ભારતનું પ્રતિબિંબ છે**

જી.એસ.ટી.માં સરકારને મળતી ટેક્સની આવક વર્ષ ૨૦૧૭-૧૮માં સરેરાશ ૮૨,૨૯૪ કરોડ પ્રતિ માસ હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯માં સરેરાશ ૯૮,૧૧૪ કરોડ પ્રતિ માસ અને વર્ષ ૨૦૧૯-૨૦માં ૧,૦૧,૮૪૩ કરોડ પ્રતિ માસ રહી હતી. મોદી સરકારનાં વિકાસલક્ષી કરેલાં કામોના ફળસ્વરૂપે જી.એસ.ટી.ના કલેક્શનમાં ઉત્તરોત્તર થતો વધારો પ્રગતિ અને વિકાસના પંથે આગળ વધી રહેલા ભારતનું પ્રતિબિંબ છે અને ઉજ્જવળ ભવિષ્ય સૂચવે છે.

**ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ જી.એસ.ટી. અને મોદી સરકારના અન્ય માળખાકીય સુધારાઓને પરિણામે વર્ષ ૨૦૨૦માં ભારત ખૂબ મોટો કૂદકો મારી ૬૩મા ક્રમ પર પહોંચી ગયું છે**

જી.એસ.ટી. કાયદામાં એક્સાઇઝ ડ્યૂટી, સર્વિસ ટેક્સ, કસ્ટમ્સ, વેટ, મનોરંજન કર, લોટરી ટેક્સ અને એન્ટ્રી ટેક્સ એવા વિવિધ ૧૭ વેરાઓને મેળવી દેવાયા છે. ભારતમાં ધંધો અને વ્યવસાય કરવામાં અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે જરૂરી પગલાંમાં જી.એસ.ટી. કાયદાએ ખૂબ મોટી ભૂમિકા ભજવી છે. 'ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ'ના સૂચક આંકમાં ભારત ૨૦૧૪માં ૧૪૨મા ક્રમ પર હતું જેમાં જી.એસ.ટી. અને મોદી સરકારના અન્ય માળખાકીય સુધારાઓને પરિણામે વર્ષ ૨૦૨૦માં ભારત ખૂબ મોટો કૂદકો મારી ૬૩મા ક્રમ પર પહોંચી ગયું છે. જી.એસ.ટી. કાયદાના અમલના લીધે ભારત દેશમાં રોકાણ કરવા ઇચ્છતી વિદેશી કંપનીઓ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું.

**નવા રજિસ્ટ્રેશન માટેની ઓનલાઇન પ્રક્રિયા ખૂબ સરળ હોવાથી પૂર્વ કાયદાઓ કરતાં અમલીકરણ ખૂબ સરળ બન્યું**

જૂના કાયદાઓમાં ઉત્પાદિત વસ્તુ ઉપર એક્સાઇઝ અને વેટ તેમ બેવડા વેરા ભરવા પડતા હતા પરંતુ જી.એસ.ટી. માળખામાં નક્કી કરેલા દર લેખે ફક્ત જી.એસ.ટી. જ ભરવાનો રહે છે અને રીટર્ન પણ એક જ ભરવાનું રહે છે જેથી વેપારી વર્ગ માટે આ કાયદો ખૂબ સરળતાવાળો રહ્યો છે. ઉપરાંત નવા રજિસ્ટ્રેશન માટેની ઓનલાઇન પ્રક્રિયા ખૂબ સરળ હોવાથી પૂર્વ કાયદાઓ કરતાં અમલીકરણ ખૂબ સરળ બન્યું છે.


જી.એસ.ટી. એ નાના અને મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને વણવામાં આવેલો કાયદો છે. અહીં નોંધપાત્ર વસ્તુ એ છે કે રોજબરોજની અને જીવનજરૂરિયાતની વસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, ચા, કોફી, દવા, એલ.પી.જી, બાયોગેસ, કેરોસીન વિગેરે પર ૦% અથવા ૫% ના દરે જી.એસ.ટી. લાગે છે.

**કુલ ૧૨૧૪ વસ્તુઓમાંથી ૧૧૮૬ એટલે કે લગભગ ૯૭.૬૯% જેટલી વસ્તુઓ પર જી.એસ.ટી.નો દર ૧૮% કે તેથી ઓછો કરી દેવામાં આવ્યો છે**

અગાઉ મોટા ભાગની વસ્તુઓ પર અપ્રત્યક્ષ વેરાઓને દર અંદાજિત ૨૬.૫૦% જેટલો હતો જ્યારે જી.એસ.ટી.માં આ દર ૧૮% છે. કુલ ૧૨૧૪ વસ્તુઓમાંથી ૧૧૮૬ એટલે કે લગભગ ૯૭.૬૯% જેટલી વસ્તુઓ પર જી.એસ.ટી.નો દર ૧૮% કે તેથી ઓછો કરી દેવામાં આવ્યો છે. જી.એસ.ટી.માં હવે મોટા ભાગની જીવન-જરૂરિયાતની વસ્તુઓને ૫%, ૧૨% અને ૧૮%ના દર હેઠળ આવરી લેવામાં આવી છે, જેના કારણે મોંઘવારી ઘટાડવામાં પણ સફળતા મળી છે અને તેનો સીધો લાભ ગરીબ અને મધ્યમ વર્ગને મળ્યો છે. શરૂમાં રજૂ કરવામાં આવેલ જી.એસ.ટી.ના દરોમાં સમયાંતરે ધરખમ ઘટાડો કર્યા પછી અને અમુક કિસ્સાઓમાં નોંધણી કરાવવાની મર્યાદા ૨૦ લાખથી વધારી ૪૦ લાખ કરવામાં આવી હોવા છતાં પણ વેપારી વર્ગ દ્વારા વધેલા અમલીકરણને પરિણામે જી.એસ.ટી.ની સરકારની આવકમાં ઉત્તરોઉત્તર વધારો થયેલ છે જે મોદી સરકારની એક અનોખી ઉપલબ્ધિ છે.

સરકાર દ્વારા ૫૦,૦૦૦થી વધુ કિંમતના માલના આવાગમન માટે ઈ-વે બિલ ફરજિયાત કરી દેવામાં આવ્યું અને તેના પરિણામે કાયદાનું પાલન અને અનુકરણ કરાવવામાં સરકારને ખૂબ સરળતા રહી. વાર્ષિક ૧.૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા નાના અને મધ્યમ કદના વેપારીઓ અને ઉદ્યોગો માટે કમ્પોઝિશન સ્કીમ લાગુ કરવામાં આવી જેમાં નજીવો કર અને સરળ રીટર્ન ભરી શકાય છે. સરકાર દ્વારા હાલમાં ઈ-ઈનવોઈસિંગની સુવિધા ચાલુ કરવામાં આવી છે, જેના કારણે આગળ જતાં કાયદાનું અમલીકરણ સરળ બનશે અને ટેક્સ ક્રેડિટને લગતી અસુવિધાઓ નિવારવામાં મદદ મળશે.

જી.એસ.ટી.ના કારણે ઉત્પાદન તથા વ્યાપારના ખર્ચમાં થતા ઘટાડાને પરિણામે ભારત દેશના ઉદ્યોગો દુનિયાના અન્ય દેશોને હરીફાઈ આપી શકે છે અને તેના પરિણામે નિકાસમાં પણ વધારો



જોવા મળેલ છે. મોદી સરકાર દ્વારા કરચોરી અને કાળા નાણાંને નાબૂદ કરવાના ઉદ્દેશ્યથી જી.એસ.ટી.ની મોટા ભાગની વ્યવસ્થા અને પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવી છે અને ઘણા કિસ્સાઓમાં કરચોરી પકડી પાડવામાં પણ સફળતા મળી છે.

### મોદી સરકારની સંવેદનશીલતાનું ઉદાહરણ

મોદી સરકારની સંવેદનશીલતાનું ઉદાહરણ છે કે કોરોનાની મહામારીમાં સરકાર દ્વારા દેશના ૫ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપાર-ઉદ્યોગોને ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ, મે, જૂન અને જુલાઈ મહિનાઓ માટે લંબાવેલી તારીખ સુધી અમલીકરણના અભાવે ભરવા પડતા વ્યાજ અને દંડ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. ૫ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપાર-ઉદ્યોગોને ફેબ્રુઆરી માર્ચ, એપ્રિલ મે જૂન અને જુલાઈ મહિનાઓ માટે લંબાવેલી તારીખો સુધી અમલીકરણના અભાવે ભરવા પડતા વ્યાજ અને દંડ ભરવામાંથી આંશિક રાહતો આપવામાં આવી છે. આ સાથે જુલાઈ-૨૦૧૭થી આજ સુધી જે પણ કરદાતાને રીટર્ન ભરવાનાં બાકી છે તેમને પ્રતિ માસ શૂન્યથી લઈને ફક્ત ૫૦૦ રૂપિયાના મહત્તમ દંડ સાથે રીટર્ન ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે અને અગાઉ જેમણે વધારે દંડ ભર્યો છે તેમને પણ વધારાનો દંડ પાછો આપવામાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. જે કિસ્સામાં રીટર્ન ભરવા માટે ડિજિટલ સિગ્નેચર ફરજિયાત હતી તેવા કિસ્સાઓમાં પણ મોબાઈલ કે ઈમેઈલથી ઓ.ટી.પી. દ્વારા પણ રીટર્ન ફાઈલ થઈ શકે તેવી વ્યવસ્થા કરી આપવામાં આવી છે. જી.એસ.ટી. અને નોટબંધીના પરિણામે ડિજિટલ ઈકોનોમી અને કરમાળખાના વિસ્તૃતીકરણમાં સરકારને ખૂબ મોટી સફળતા મળી છે. વધુમાં અસંગઠિત ક્ષેત્રને સંગઠિત ક્ષેત્ર અને મૂળ ધારામાં લાવવામાં સફળતા મળી છે અને લોકો ટેક્સ ભરનારા અને કાયદાનો અમલ કરનારા બન્યા છે.

### ચેક પોસ્ટ અને અન્ય બિનજરૂરી કાર્યવાહીઓમાંથી મુક્તિ મળી

જી.એસ.ટી.ના કારણે દેશના ટ્રાન્સપોર્ટ સેક્ટરને પણ વહીવટી અને માળખાકીય રીતે ઘણી સરળતા રહી છે અને ચેક પોસ્ટ અને અન્ય બિનજરૂરી કાર્યવાહીઓમાંથી મુક્તિ મળી છે, જેના કારણે આંતરરાજ્ય માલનું વહન ઝડપી અને સરળ બન્યું છે. ખાસ કરીને ખેતપેદાશો, દૂધ તથા દૂધની બનાવટો અને નાશવંત વસ્તુઓનું પરિવહન કોઈ અવરોધ વગર સરળતાથી કરી શકાય છે.

### આખા દેશમાં એકસમાન દર હોવાથી ઉદ્યોગો માટે રાજ્યકક્ષાને બદલે રાષ્ટ્રકક્ષાનું બજાર ઊભું થયું

અગાઉના કરમાળખામાં રાજ્ય સરકારો દ્વારા નક્કી કરવામાં આવેલા દર અલગ અલગ રહેતા અને જેને કારણે એક રાજ્યનો વેપારી અન્ય રાજ્યમાં સરળતાથી વેપાર કરવા સક્ષમ ન હોતો, પરંતુ હવે જી.એસ.ટી.ના કર માળખામાં આખા દેશમાં એકસમાન દર હોવાથી ઉદ્યોગો માટે રાજ્યકક્ષાને બદલે રાષ્ટ્રકક્ષાનું બજાર ઊભું થયું છે.

### એન્ટી-પ્રોફિટરીંગની કલમ લાગુ કરવામાં આવી જેથી જી.એસ.ટી.ના કારણે ઉદ્યોગોને મળેલ ટેક્સમાં બચતનો લાભ ગ્રાહકોને આપવામાં આવે

મોદી સરકાર દ્વારા એન્ટી-પ્રોફિટરીંગની કલમ લાગુ કરવામાં આવી જેથી જી.એસ.ટી.ના કારણે ઉદ્યોગોને મળેલ ટેક્સમાં બચતનો લાભ ગ્રાહકોને આપવામાં આવે અને જો તેમ નહિ કરવાના કિસ્સામાં વેપારી વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી. જેના પરિણામસ્વરૂપે મોંઘવારી નાથવામાં ખૂબ મોટી સફળતા મળી અને ફુગાવો કાબૂમાં રહ્યો.

### ભ્રષ્ટાચારને નાથવામાં સફળતા મળી

જી.એસ.ટી. વ્યવસ્થામાં મોટાભાગની કાર્યવાહી અને પ્રક્રિયા ઓનલાઇન હોવાથી અને ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી સરકારને ભ્રષ્ટાચારને નાથવામાં સફળતા મળી અને તેનો સીધો લાભ વેપારીમંડળને મળ્યો.

### નાના વેપારીઓ માટે દેશના કોઈ પણ માર્કેટમાં દાખલ થવું ખૂબ સરળ

આખા દેશમાં એકસમાન કરમાળખું અને નોંધણીની પ્રક્રિયા હોવાથી નાના કરદાતાઓને બહુવિધ રાજ્યોમાં નોંધણી કરાવી વેપાર કરવામાં સરળતા થઈ અને તેના માટેનો ખર્ચ પણ ઓછો થયો. નાના વેપારીઓ માટે દેશના કોઈ પણ માર્કેટમાં દાખલ થવું ખૂબ સરળ થઈ ગયું છે.

### જી.એસ.ટી.માં ભરેલાં રીટર્ન એક ભરોસાપાત્ર દસ્તાવેજ

જી.એસ.ટી.માં નોંધાયેલા વેપારીઓને બેંકમાંથી લોન-ધિરાણ મેળવવામાં ખૂબ સરળતા મળી છે અને એક જાણકારી અનુસાર જી.એસ.ટી.માં ભરેલા રીટર્નને એક ભરોસાપાત્ર દસ્તાવેજ ગણવામાં આવે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી દૂરંદેશીવાળી અને નિર્ણાયક સરકારે ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશના ટકાઉ અને લાંબા ગાળાના વિકાસને ઉદ્દેશીને, તકલીફવાળા વૈશ્વિક વાતાવરણમાં પણ ફુગાવાને કાબૂમાં રાખીને જી.એસ.ટી. લાગુ કર્યો, આ એક ગર્વ લેવા જેવી વાત છે.

•




**ગુજરાત ૨૪૦ ટકા ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટમાં ગ્રોથ મેળવીને દેશભરમાં અગ્રણી રાજ્ય બન્યું**

# ગુજરાતમાં આત્મનિર્ભર ભારત પેકેજ હેઠળ કોરોના બાદ ધંધા-રોજગારને બેઠા કરવા સહાયભૂત થવા માટે જાહેર કરાયેલી યોજનામાં ગુજરાતમાં ૧.૬૫ લાખ અરજી આવી છે, જેમાંથી ૯૯.૫૫% અરજીઓ મંજૂર કરવામાં આવી - કુલ રૂા. ૯,૦૦૦ કરોડની લોન અપાઈ

ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા જાહેર કરવામાં આવેલું ૧૪,૦૦૦ કરોડનું આત્મનિર્ભર પેકેજ એ વિકાસ, સંપત્તિસર્જન, કલ્યાણકારી યોજનાઓ, ગુણવત્તાવાળું તથા સાહસિક જીવન માટેના એક મજબૂત વિચારથી પ્રેરિત છે. આ પેકેજ સમાજના સામાન્ય અને મધ્યમવર્ગના માનવી તથા ગુજરાતની વેપારી પ્રજાને મદદરૂપ થવાય તેવા ભાવથી વણાયેલું છે. ભારતમાં લગભગ કૃષિક્ષેત્ર સિવાયની ૬૭ મિલિયન એમએસએમઈ ઓર્ગેનાઈઝ અને અનઓર્ગેનાઈઝ ક્ષેત્રમાં છે. જેમાંથી ૯૬.૭% માઈક્રો એમએસએમઈ છે. અથવા તો અનઓર્ગેનાઈઝ્ડ ક્ષેત્રમાં છે, જેમાં દસ કરતાં ઓછા કામદારો હોય. માત્ર ૩.૩% જ કૃષિક્ષેત્ર વગરની MSME છે, જેમાં ૧૦ કરતાં વધારે કામદારો હોય. ગુજરાત એક વેપારી રાજ્ય છે. ગુજરાતમાં કુલ ૩૩ લાખ જેટલા MSME એકમો આવેલા છે, જે ગુજરાતના કુલ ઉદ્યોગોના ૯૫ ટકા ઉદ્યોગ MSME સેક્ટરમાં આવી જાય છે. કોરોના પછીની બદલાતી વૈશ્વિક આર્થિક સ્થિતિનો મહત્તમ લાભ ગુજરાતના MSME ઉદ્યોગોને મળે. પહેલાં કરતાં વધારે ઝડપી ગતિ, સારી ગુણવત્તા તથા વધુ ઉત્પાદનના લક્ષ્ય સાથે વેપાર-ધંધાના રોજિંદા વ્યવહારો પણ ફરી ધમધમતા થાય તે હેતુથી આત્મનિર્ભર ગુજરાત પેકેજમાં MSME સેક્ટરને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં ૨૧૭ GIDCમાં ૬૦,૦૦૦થી વધુ ઉદ્યોગો ૧૮ લાખ જેટલા લોકોને તે પ્રત્યક્ષ રોજગારી આપે છે. ગુજરાત સરકાર ઉદ્યોગોને મોકળું વાતાવરણ મળે તથા સરકારનો સૌથી ઓછો હસ્તક્ષેપ રહે તે માટે પ્રતિબદ્ધ છે. રાજ્ય સરકારની આ સ્પષ્ટ નીતિ અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ માટેની પ્રતિબદ્ધતાના કારણે જ ઉદ્યોગકારો માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. એટલે જ ગુજરાત ૨૪૦ ટકા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં ગ્રોથ મેળવીને દેશભરમાં અગ્રણી રાજ્ય બન્યું છે. સમગ્ર દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ૨.૮% ગુજરાતમાં છે. ગુજરાતમાં ભરતીમેળા તથા રોજગાર કચેરી દ્વારા પાછલા ૩૨ મહિનામાં ૧૫.૧૯ લાખથી વધુ યુવાનોને રોજગારી મળી છે. ગુજરાત દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય છે, જે રાજ્ય સરકારની ઉદ્યોગ ફ્રેન્ડલી નીતિને આભારી છે. ગુજરાતમાં આત્મનિર્ભર ભારત પેકેજ હેઠળ કોરોના બાદ ધંધા-રોજગારને બેઠા કરવા માટે સહાયભૂત થવા માટે જાહેર કરાયેલી યોજનામાં ગુજરાતમાં ૧.૬૫ લાખ અરજી આવી છે, જેમાંથી ૯૯.૫૫% અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને કુલ ૯,૦૦૦ કરોડની લોન આપવામાં આવી છે. દરેક અરજી દીઠ સરેરાશ સાડા પાંચ લાખ રૂપિયાની લોન અને એ પણ ખૂબ જ નીચા વ્યાજના દરે આપવામાં આવી છે. માત્ર ૦.૧૬ ટકા અરજીઓ જ નામંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૩૫ અરજીઓ ક્ષતિયુક્ત દસ્તાવેજો અને ૨૪૩ અરજીઓ અન્ય શરતો સંતોષાતી ન હોવાના કારણે નામંજૂર રહી છે. આમ એક રીતે આંકડા જોઈએ તો ૧.૬૪ લાખ કરતાં વધુ અરજીઓને ૯,૦૦૦ કરોડ કરતાં વધુની લોન અપાઈ ગઈ છે. સૌથી અગત્યની બાબત એ છે કે આ અરજી કરવામાં ગુજરાતનો એક પણ જિલ્લો બાકાત નથી. દાહોદ, મહીસાગર, ડાંગ, પંચમહાલ જેવાં ક્ષેત્રોમાંથી પણ અરજી આવી છે અને બેંકો દ્વારા આવાં ક્ષેત્રોના યુનિટોને લોન પણ આપી છે. સમગ્ર ગુજરાતમાંથી ૭૦,૧૧૪ એમએસએમઈ યુનિટોએ પણ આ યોજનાનો લાભ લીધો છે. આ યુનિટોને કુલ ૫,૪૬૭ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી છે, જેમાં અમદાવાદના ૧૧ હજારથી વધુ, સુરતના ૮,૦૦૦થી વધુ, રાજકોટના ૭,૭૦૦થી વધુ અને વડોદરાના ૬,૩૦૦ એકમોની લોન માટેની અરજીઓ મંજૂર કરાઈ છે, જે સ્ટેટ લેવલ બેંકિંગ કમિટીના રિપોર્ટને આધારે જાહેર થયેલા આંકડા ચકાસતાં જાણવા મળે છે. કુલ ૧,૬૫,૦૦૦ અરજીઓમાં ૯,૦૦૦ કરોડથી વધુ રૂપિયાની લોન આપવામાં ગુજરાતમાં ૧૪ બેંકોએ ધિરાણ આપ્યાં છે, જેમાં સૌથી વધુ લોન એસબીઆઈ બેંક દ્વારા આપવામાં આવી છે. SBI બેંક દ્વારા તેને મળેલી ૩૯,૭૨૩ અરજી મંજૂર કરી ૩,૧૫૭ કરોડનું ધિરાણ આપ્યું છે ત્યાર બાદ બીઓબી, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, સેન્ટ્રલ બેંક તથા બેંક ઓફ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. તેથી એટલું ચોક્કસ કહી શકાય કે માત્ર પેકેજ જાહેર કર્યું છે એટલું જ નહિ પરંતુ એ અંગેની જીઆર સહિતની પ્રક્રિયા એક જ સપ્તાહમાં પૂર્ણ કરી તેનો અમલ પણ ખૂબ જ ઝડપથી શરૂ થઈ ગયો છે, જેનો સીધો લાભ રાજ્યના ૩૩ લાખ MSMEના દોઢ કરોડ કરતાં વધુ કામદારોને મળશે. વર્તમાનમાં MSME સેક્ટરને લોન આપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે તેથી એટલું ચોક્કસ કહી શકાય કે રાજ્યના લઘુ તથા મધ્યમ ઉદ્યોગોના વિકાસ માટે ગુજરાત સરકાર ખભેખભા મિલાવીને કાર્ય કરે છે. કોરોના મહામારીના કપરા કાળમાં રાજ્યના લઘુ તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પડેલા ઝખ્મો રૂઝાવવા ગુજરાત સરકાર પ્રતિબદ્ધ તથા સુસજ્જ છે. આમ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની 'આત્મનિર્ભર ભારત' અને તેની પ્રેરણાથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમલમાં મુકેલી 'આત્મનિર્ભર ગુજરાત' યોજના ગુજરાતની જનતા માટે આશીર્વાદરૂપ છે.

(પ્રેરક શાહ)



**રાજ્યમાં પ્રવાસન-ધામો તીર્થયાત્રા ક્ષેત્રોના રૂ. ૧૨૬ કરોડનાં વિવિધ વિકાસકામોનાં E લોકાર્પણ-ખાતમુહૂર્ત**

# જ્યોતિર્લિંગ સોમનાથ-સાસણગીર-સિંહદર્શન-ગિરનાર પર્વત-ઉપરકોટ-સોમનાથ સમુદ્રકિનારાની સમગ્ર ટૂરિઝમ સર્કિટ વિકસાવી વર્લ્ડ ટૂરિઝમ મેપ પર ગુજરાતને વધુ દેદીપ્યમાન બનાવવાની નેમ છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વિવિધ પ્રવાસન કેન્દ્રોની આખી ટૂરિઝમ સર્કિટ ઊભી કરી ગુજરાતને વર્લ્ડ ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવાની નેમ વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર જ્યોતિર્લિંગ સોમનાથ, સાસણગીર, સિંહદર્શન, ગિરનાર પર્વત, ઉપરકોટ અને સોમનાથનો દરિયાકિનારો એમ પ્રવાસન ધામોને સાંકળી લેતી ટૂરિઝમ સર્કિટ બનાવવાની દિશામાં વિચારાધીન છે. તેમણે ગિરનાર પર્વત ઉપર આગામી દિવસોમાં શરૂ થનારો રોપ-વે સમગ્ર પ્રવાસન ક્ષેત્રનું નવું નજરાણું બનશે તેમ પણ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઈ-લોન્ચિંગ કાર્યક્રમમાં રાજ્યનાં પ્રવાસન યાત્રા તીર્થધામોના કુલ રૂ. ૧૨૬.૯૬ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ-ભૂમિપૂજન ગાંધીનગરથી સંપન્ન કર્યાં હતાં. તેમણે ભારત સરકારની પ્રસાદ યોજના અન્વયે દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ અને કરોડો હિન્દુઓના શ્રદ્ધા-આસ્થા કેન્દ્ર સોમનાથ ધામમાં ૪૫ કરોડ રૂપિયાનાં યાત્રીસુવિધા કાર્યોનાં ઈ-લોકાર્પણ કર્યાં હતાં.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આ સુવિધાઓ અંતર્ગત વિશાળ પાર્કિંગ, કોમ્યુનિટી કિચન, પ્રવાસન માહિતી કેન્દ્ર, સોમનાથ મ્યુઝિયમ, લાઈબ્રેરી સહિતની વર્લ્ડ ક્લાસ સુવિધાઓ સોમનાથમાં ઊભી કરીને ગુજરાત સરકાર, ભારત સરકાર અને સોમનાથ ટ્રસ્ટ આ યાત્રાધામના સર્વગ્રાહી પ્રવાસન વિકાસ માટે સતત કાર્યરત છે. તેમણે જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લામાં અલગ અલગ સ્ટ્રક્ચરના કોન્ઝર્વેશન, રિસ્ટોરેશન કામગીરી સહિત લાઈટ એન્ડ સાઉન્ડ શો અને પ્રવાસન મૂળભૂત સુવિધાઓના રૂ. ૪૫ કરોડનાં કામોના ઈ-ખાતમુહૂર્ત પણ સંપન્ન કર્યાં હતાં. મહીસાગરના બાલાસિનોર નજીક પ્રાગૈતિહાસિક ડાયનાસોરના અવશેષો મળી આવેલા છે તે વિશ્વની જૂજ સાઈટ એવા રૈયોલીમાં રૂ. ૨૦ કરોડના ખર્ચે ડાયનાસોર મ્યુઝિયમ ફેઈઝ-૨નાં કામોની ભૂમિપૂજન વિધિ પણ E ખાતમુહૂર્તથી કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કચ્છના સફેદ રણ ધોરડો ખાતે રૂ. ૧૦ કરોડના ખર્ચે નિર્માણ થનારા યાત્રીસુવિધાનાં સ્થાયી-કાયમી કામો પાર્કિંગ, વ્હીકલ્સ, રોડ વાઈડનીંગ જેવાં કામોના E ખાતમુહૂર્ત કરતાં કચ્છના આ સફેદ રણના અલભ્ય નજરાણાને વિશ્વના પ્રવાસન નકશે ચમકતું કરવાનું શ્રેય પ્રધાનમંત્રીશ્રીની દૂરંદેશિતાને આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ધોરડો સફેદ રણની મુલાકાતે આવનારા પ્રવાસીઓને સ્મૃતિવન, શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક, ભુજિયો ડુંગર, માંડવીનો સમુદ્રતટ, માતાના મઢ અને નારાયણ સરોવર, પંચતીર્થ સહિતના ટૂરિઝમ સ્પોટનો લ્હાવો મળે તે હેતુસર આ ટૂરિઝમ સર્કિટ પણ વિકસાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે મોરબીના વવાણિયામાં શ્રીમદ્ રાજચંદ્ર ભવનના વિકાસ માટે રૂ. ૬ કરોડનાં કામોના E - ખાતમુહૂર્ત કર્યાં હતાં.

તેમણે શ્રીમદ્ રાજચંદ્રજીની આધુનિક સમયમાં કેવળ જ્ઞાન-સાક્ષાત્કાર કરનારા આધ્યાત્મિક ગુરુ તરીકેની વંદના કરતાં આવનારી પેઢીઓ માટે શ્રીમદ્ રાજચન્દ્રજીનું આ જન્મસ્થળ આત્માથી પરમાત્માના સંધાનનું ઊર્ધ્વગામી કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તર ગુજરાતના પાટણમાં વીર મેઘમાયા સ્મારક ભવનના ૩ કરોડ રૂપિયાનાં વિવિધ સુવિધાલક્ષી કામોના E ખાતમુહૂર્ત પણ કર્યાં હતાં. તેમણે વીર મેઘમાયાએ સદીઓ પહેલાં લોકોને પાણી મળે તે માટે તળાવમાં પોતાનું બલિદાન આપીને જે ત્યાગ-સમર્પણની અમરગાથા રચી છે તેનું યથોચિત ગૌરવ આ વિકાસકામોથી થશે તેમ ઉમેર્યું હતું.

# નવનિયુક્ત ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ




સુરત ઓફિસ : ૯, અંબાનગર, સોસ્યો સર્કલ પાસે, ઉધના-મગદલ્લા રોડ, સુરત.

ફોન : ૦૨૬૧-૨૩૦૦૦૦૦

દિલ્હી ઓફિસ : ૫૦૧, ન્યુ એમ. એસ. ફ્લેટ, 'નર્મદા', ડૉ. બી. ડી. માર્ગ, ન્યુ દિલ્હી-૧૧૦૦૦૧.

ઈ-મેઈલ : c_r_patil@yahoo.com / crpatiloffice@ymail.com


સંસદ સભ્ય : ભારતીય જનતા પાર્ટી ૨૦૦૯થી સતત ત્રણ ટર્મ

- લોકસભા ચૂંટણીમાં આજદિન સુધી સૌથી વધુ ૬,૮૯,૬૬૮ મતની સરસાઈથી વિજેતા.
- ચેરમેન : લોકસભા હાઉસિંગ કમિટી, દિલ્હી
- મેમ્બર : લોકસભા અર્બન ડેવલપમેન્ટ કમિટી, દિલ્હી
- ચેરમેન : સુરત એરપોર્ટ એડવાઈઝરી કમિટી,
- વાઈસ ચેરમેન : વલસાડ ટેલિકોમ ડિસ્ટ્રિક્ટ
- ચેરમેન : મોનિટરીંગ એન્ડ એડવાઈઝરી કમિટી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, નવસારી.
- વાઈસ ચેરમેન : મોનિટરીંગ એન્ડ એડવાઈઝરી કમિટી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, સુરત.
- મેમ્બર : ડિસ્ટ્રિક્ટ લેવલ કન્સલ્ટેટિવ કમિટી-બેન્ક ઓફ બરોડા, નવસારી.

**પક્ષમાં જવાબદારી :**

- પ્રભારી : સુરત જિલ્લા, ભાજપ
- સહપ્રભારી : બિહાર પ્રદેશ, ભાજપ

**ગુજરાત સરકાર :**

- ચેરમેન : જી.આઈ.ડી.સી.-ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન-૧૯૯૫-૯૭
- ચેરમેન : જી.એ.સી.એલ.-ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ લિ. - ૧૯૯૮-૨૦૦૨

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# નવનિયુક્ત ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલનો પદગ્રહણ સમારોહ



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.